Rs. 5/-

SHREE SWAMINARAYAN

श्री स्वामिनारायण

MAY '07










શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં રંગ મહોલના શ્રી ઘનશ્યામ મહારાજ હવેલીના શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી.

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



ઉનાવા મંદિરમાં રજત-શતાબ્દી મહોત્સવ પ્રસગે ઠાકોરજીને અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી




ઉનાવા મંદિરમાં રજત-શતાબ્દી મહોત્સવ પ્રસગે પ્રદર્શનને ખુલ્લુ મુકતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને યજ્ઞની પૂર્ણાહુતિ કરતા પ.પૂ. મહારાજશ્રી



ચરાડવા મંદિરમાં ૨૨૫ દિવસની મહામંત્ર ધૂનની પૂર્ણાહુતિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ચરાડવા મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રી



ઠંબા મંદિરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ અભિષેક કરતા પૂ.મહારાજશ્રી સાથે લાભ લેતા આત્મપ્રકાશ સ્વામી




કોઠંબામાં શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૯ | મે - ૨૦૦૭



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	પ્રાંતિજના નવલબાઈ અને મહાપ્રભુનો મેળાપ	૪
૪.	અનોખું તીર્થધામ ગવાડા	૬
૫.	દેવ દ્રવ્ય	૭
૬.	આપણા સૌનું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ	૯
૭.	પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની સ્વ આશ્રિતો પરત્વે અજોડ અનુકંપા	૧૨
૮.	શ્રી સત્શાસ્ત્ર વ્યસનાય નમઃ	૧૩
૯.	સત્સંગ સુરભી : "અમે સત્સંગ કર્યો છે, ચોરી નથી કરી !"	૧૫
૧૦.	સત્સંગ બાલવાટિકા (૧) સંપત્તિને લાત મારે એ સંત બની શકે (૨) મૃત્યુ સ્વીકારવું સહેલું નથી	૧૭
૧૧.	ભક્તિસુધા (૧) એકાદશીની રાત્રી જાગરણ સભા (૨) આપણા પૂ. ગાદીવાળાશ્રી (૩) શિર સાટે નટવરને વરીએ (૪) શુષ્કવેદાંત વિષે	૧૯
૧૨.	પ્રશ્નપેટી	૨૩
૧૩.	સત્સંગ સમાચાર	૨૪

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

તંત્રીશ્રીની કલમે....

જીવાત્માને ભગવાન ભજવામાં અર્થાત્ મોક્ષના માર્ગે ચાલવામાં વિઘ્ન કરે તેને સ્વામિનારાયણ ભગવાને માયા કહી છે. આવા વિઘ્નો ધન, સંપત્તિ કે પરિવાર જ કરે છે તેવું રહ્યું નથી. પણ માણસની ઈચ્છાઓ અને સેવા કરવાની ભાવના પ્રબળ બને એટલે અતિશે આસક્તિના કારણે આવા વિઘ્ન ઊભા થાય છે. ત્યાગ, વૈરાગ્ય, સેવા અને ભક્તિનું રૂપાળું નામ ધારણ કરવા માત્રથી આસક્તિ છુટતી નથી ઉપરથી તેમાં વધારે ને વધારે અહંકાર ભળે છે. તેથી ભરતની જેમ સમગ્ર પૃથ્વીનું રાજ્ય છોડે, વિશાળ કુટુંબ પરિવાર છોડે અને એક પામર હરણમાં મમત્વના બંધનથી બંધાય જાય. આજ વાત આજના સંદર્ભે જોઈએ તો માત્રને માત્ર નામના મેળવવા અને મોટાઈ મેળવવા માટે થઈને તો બધુ છોડ્યું પણ નાનકડી એવી અમથી વાત માત્ર સાધારણ જમીનના ટુકડાને છોડવો તે જાણે શું એ "ડટણસો પટણ" થવાનું હોય તેમ ધન અને વગના જોરે કરીને નહીં છોડવા માટે મરણીયા હવાતીયા થાય છે. કહેવાતા ત્યાગ વૈરાગ્ય સેવાના ભેખ ધારીઓથી છોડી શકાતું નથી તો સાધારણ માણસની તો વાત જ ક્યાં કરવા જવું ! તે જ મોટી વિટંબણામાં સમાજ ઉભો છે. આવું બધું ત્યારે જ બને છે જ્યારે મહાપુરુષોએ સ્થાપેલો આદર્શ માર્ગ તેની ઉપેક્ષા કરીને પોતાની બુદ્ધિથી કલ્પેલા ઉંચા માર્ગે માણસ ચાલવા માંડે છે. ત્યારે જ ગીતાકારનું વાક્ય છે ને "**परधर्मोभयावह**" પર ધર્મ એટલે વિધર્મ નહીં પણ બીજા આશ્રમ માટે કે બીજા વર્ણ માટે અથવા બીજા પદના અધિકારી માટે કહેવામાં આવેલ ધર્મ તેને જ પર ધર્મ કહેવાય. ત્યાગીના માટે ગૃહસ્થને કહેલ આજ્ઞા તે પરધર્મ ગૃહસ્થના માટે ત્યાગી માટે કહેવાયેલ આજ્ઞા પરધર્મ, આચાર્યને માટે કહેવાયેલ આજ્ઞા અન્યના માટે પર ધર્મ જ છે. જેમ કે "**प्रवर्तनिया सद्विद्या**" આ ધર્મવંશી આચાર્યોને આજ્ઞા કરેલ છે. તે બીજા માટે ભયાવહ છે. તે પ્રત્યક્ષ અનુભવાય છે, કોઈપણ ભય તત્કાળ ન પણ જણાય પણ કાળાન્તરે તેની અસર થતી હોય છે. તેમ આ વાક્યનો અતિ પ્રમાણમાં ઉપયોગ કર્યા પછી હવે શું ? થઈ રહ્યું છે. તે સમાજની નજરે ચડ્યા વગર રહેતુ નથી.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(એપ્રિલ - ૨૦૦૭)

૧-૪. કેરા (કચ્છ) પધરામણી અને ત્યાંથી માંડવી (કચ્છ) પધરામણી.

૫. પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો અને અમદાવાદ મંદિરમાં પ.ભ. નગીનભાઈ પટેલ આયોજીત પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે થઈ.

૭-૮. ભક્તિનગર માનકુવા (કચ્છ) પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કપડવંજ નૂતન મંદિરની ખાતવિધિ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર લસુન્દ્રા પૂનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૩. સુરતમાં પારાયણ પ્રસંગે પધરામણી.

૧૪. પ.ભ. બિપીનચંદ્ર મનસુખભાઈ અને પ.ભ. સંજયભાઈ મનસુખભાઈ ઝિંઝુવાડીયાને ત્યાં પધરામણી, નિર્ણયનગર.
પ.ભ. દિનેશભાઈ નાથાભાઈ ભાવસારને ત્યાં પધરામણી, નારણપુરા.

૧૭ થી ૧૯. બળદીયા (કચ્છ) પધરામણી.

૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા રજત જયંતી પાટોત્સવ-પારાયણ પ્રસંગે પધરામણી.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર અરોડા (ઈડરદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. ત્યાંથી વળતા પ.ભ. વિનોદભાઈ ધનજીભાઈ પટેલ અને પ.ભ. ધર્મેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ પટેલને ત્યાં પધરામણી, મહાદેવનગર.

૨૨.૨૩. રવાપર (કચ્છ) પારાયણ પ્રસંગે પધરામણી.

૨૫. પ.ભ. ઘનશ્યામભાઈ જયંતીભાઈ પટેલને ત્યાં પધરામણી, રાજપથ કલબ પાસે.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ફિચોડ (ઈડર દેશ) રજત જયંતી તથા પારાયણ પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) વાવોલ મૂર્તિ પ્રતિષ્ઠા - પારાયણ પ્રસંગે પધરામણી.

૨૮. પ.ભ. પ્રકાશકુમાર નટવરલાલ ઠક્કરને ત્યાં પધરામણી, વાસણા.
પ.ભ. નિતીનભાઈ રતીલાલ ઠક્કરને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
પ.ભ. કૌશિકભાઈ સી. જોશીને ત્યાં પધરામણી, બોપલ.

૨૯. પ.ભ. મહેન્દ્રભાઈને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

પ્રાંતિજના નવલબાઈ અને મહાપ્રભુનો મેળાપ

- ડૉ. એચ. વી. કેરાઇ (અંજાર-કચ્છ)

પ્રાંતિજ શહેરમાં સ્વામિનારાયણ સત્સંગીઓનું સારું વર્ચસ્વ. વિદ્વાન બ્રાહ્મણો અને ધનિક વણિકો સંપ્રદાયના ચૂસ્ત અનુયાયીઓ. પ્રભુ એક સમયે પ્રાંતિજમાં ભક્તોને રાજી કરવા પંદર દિવસ રોકાયા. અને તમામ સત્સંગીઓના ઘેર થાળ જમ્યા હતા. વારા ફરતી દરેક ઘરના ફળિયામાં સભા ભરીને સત્સંગીઓ ઉપરાંત ધાર્મિક વૃતિવાળા ગ્રામજનોને બોધ પાઠ આપતા.

આ ગામમાં એક નવલબાઈ જ એવા કમનસીબ સત્સંગી હતા જે પ્રભુને થાળ જમાડવાનું તો ઠીક પણ એમના દર્શન કરવાનો લ્હાવો પણ લઈ શક્યાં નહિ. એના પતિ સત્સંગના વિરોધી અને કુસંગી હોવાથી જ્યાં સુધી સ્વામિનારાયણ ભગવાન પ્રાંતિજમાં હોય ત્યાં સુધી ઘરની બહાર પણ જવાનું નહીં. નાસ્તિક તો ખરો પણ તેમાય ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયનો ખાસ વિરોધી. "બહારનું ખાવાનું નહિ, બીડી પીવી નહિ, દારૂથી દૂર રહેવું, જુગારને દૂષણ ગણવું, પરસ્ત્રી ગમનને પાપ માનવું." વગેરે બંધનો લાવનાર સ્વામિનારાયણના સંતો પ્રત્યે એને સૂગ. એ સઘળી કૂટેવો તો એના જીવનના રગેરગમાં હતી. તેના કારણે નવલબાઈને એ ખૂબ હેરાન કરે. અગિયારસનું ફરાળ કરવા ન દે એટલે નવલબાઈને અગિયારસનો ફરજિયાત ઉપવાસ કરવો પડે. ડુંગળી-લસણના ટુકડા બાઈની થાળીમાં નાખે. છાશમાં દારૂ ભેળવે. દેવ પૂજાની સામગ્રી બહાર ફેંકી દે. અને માળા પણ તોડી નાખે. અને નવલબાઈને વારે ઘડીએ ચિડવે.

નવલબાઈએ એના નિર્દય પતિ નારાણ આગળ શ્રીજી મહારાજના દર્શન કરવા માટે આજીજી કરી. કાલાવાલા કર્યા. પણ એ દુષ્ટ એકનો બે ન થયો. એને સમાચાર મળ્યા કે એની પત્નીના ભગવાન પ્રાંતિજમાં પંદરેક દિવસ રોકાવાના છે એટલે એણે બાઈ પર સખ્ત ચાંપતો પહેરો રાખ્યો. પોતે દિવસે ક્યાંક બહાર જાય તો ઓસરીના બારણા પર બહારથી તાળું મારીને જાય. રાત્રે અંદરના ઓરડામાં એને પુરીને પોતે ઓસરીમાં સૂવે.

નવલબાઈ વળી પાછી ક્યારેક આજીજી કરે, ફક્ત પાંચ મિનિટ માટે પ્રભુ દર્શનની યાચના કરે. એક જ વખત જવા દે તો જીવનભરની ગુલામી કરવાનો કોલ આપે. પણ કઠોર હૃદયના નારાયણનું હૈયું લગીરે પીગળે નહીં.

એક દિવસ રાતના નવલબાઈએ પાછળથી જતી સત્સંગી બાઈઓની વાત પરથી જાણ્યું કે સ્વામિનારાયણ ભગવાન બીજે દિવસે અમદાવાદ ચાલ્યા જવાના છે. બે દિવસની ભૂખી બાઈને મનમાં ઘણાયે સંકલ્પો થયા. ભગવાન સામે ચાલીને પોતાના ગામમાં આવ્યાં છે. ને જો દર્શન નહિ થાય તો પછી ક્યારે વારો આવશે. જીવનભર પસ્તાવાનો વારો આવશે. એણે મનોમન પ્રભુને યાદ કર્યા. આત્માને ઢંઢોળ્યો મનોબળ એકઠું કર્યું અને ઘવાયેલી વાઘણ માફક મરણિયો પ્રયાસ કરીને પાછલી બારીને ધક્કો મારીને તોડી નાખી અને પોતે એમાંથી નીકળીને સીધી દોડતી દોડતી શ્રીજી મહારાજને ઉતારે પહોંચી અને ડેલી ખખડાવી.

પાર્ષદે બારણું ખોલ્યું તો મધરાત્રીએ એકલી બાઈ જોઈને આવવાનું કારણ પૂછયું. શ્રીજીમહારાજના દર્શનની ઈચ્છા દર્શાવી. મહારાજ પોઢી ગયા છે માટે બીજે દિવસે આવવાનું કહીને પાર્ષદે ડેલી બંધ કરવાની તૈયારી કરી. ત્યાં બાઈએ બારણું પકડી રાખ્યું અને હરિદર્શન માટે જીદ પકડી. પાર્ષદને બહુ કાલાવાલા કર્યા. પોતે કઈ રીતે આવી છે એની પણ વાત કરી. પ્રભુના દર્શન વગર એ પાછી નહી જાય અને એ પોતાનો જીવ આપી દેશે અને એ મોટે સાદે રડવા માંડી. ત્યારે બહાર થતી રકઝક અને કોઈ બાઈનું રૂદન સાંભળીને પ્રભુ - સફાળા જાગી ગયા અને બહાર ડેલીએ આવ્યા. આ તો નવલબાઈ ! પ્રભુએ એમને નામથી બોલાવી અને શાંત રહેવા કહ્યું. નવલબાઈ પ્રભુને પગે પડી.

અને ખૂબ રોઈ. ત્યારે બધું સારૂ થઈ જશે એવા આશીર્વાદ આપીને થોડો પ્રસાદ આપીને પ્રભુએ એને વિદાય કરી. પણ આ વખતે પાછળથી ન જતાં આગળથી ડેલી ખખવાડીને જવાની વાત કરી. અને એના ધણી સાથે કઈ રીતની વાત કરવી એ મહારાજે નવલબાઈને શિખવાડ્યું.

અને હવે પછી નિત્યે રસોઈ કરતી

વખતે ભગવાનનું નામ લેવાની ભલામણ કરી જેથી એના નાસ્તિક પતિની મતિ ઠેકાણે આવી જશે. ધણીને જે કંઈ ખાવા પીવાનું પીરસે ત્યારે ભગવાનને ધરીને પીરસવાની પણ ભલામણ કરી.

અને પ્રભુ દર્શનથી તૃપ્ત થયેલી અને પ્રભુ આશીર્વાદથી નવાજી ગયેલી નવલબાઈએ શ્રીજી મહારાજની શિખામણ પ્રમાણે અડધી રાત્રે પોતાની ડેલી ખખડાવી ! ત્યારે આટલી રાત્રે કોણ બારણું ખખડાવે છે એ જોવા ભર નિંદ્રામાં ઊઠેલો નારાયણ જ્યારે આંખો ચોળતો બહાર આવ્યો તો એની ઘરવાળીને જોઈને હેબતાઈ ગયો ! એને તો પાછળ રૂમમાં પુરીને પોતે બહાર સૂતો છે તો આ અહીં આવી ક્યાંથી ? એ કંઈ પૂછપરછ કરે એ પહેલા નવલબાઈએ મહારાજના શિખવાડ્યા પ્રમાણે વાત કરી કે "થોડીવાર પહેલાં પાછલા ઘરની બારી તોડીને બે ચોર અંદર ઘૂસ્યા હતા. અને આપણા પટારામાં રહેલા દાગીનાઓ અને રોકડ રકમ ચોરવાનો પ્રયાસ કરેલો. મેં બૂમો પાડી પણ તમે ભરનિંદ્રામાંથી જાગ્યા નહિ. જેથી મેં મારા સ્વામિનારાયણ ભગવાનને યાદ કર્યા. અને એણે મને ભૂખીને જબરી તાકાત આપી જેથી મેં બે ચોરોનો સામનો કર્યો અને ભગાડી મૂક્યા. કંઈ પણ લીધા વગર ચોરો ભાગી ગયા."

નવલબાઈની આવી વાત સાંભળીને દિગમૂઢ થઈ ગયેલો નારાયણ સત્ય હકીકત જોવા માટે બાઈ સાથે પાછળ ગયો તો ખરેખર બારી હેઠે પડેલી જોઈ. અને ચોર આવ્યાની વાત સાચી માનીને એની પત્નીએ એના ભગવાનની દયાથી બચાવેલી રોકડ અને દાગીનાથી એનું કઠોર મન પીગળ્યું. અને એણે થોડી નરમાશ સાથે કહ્યું કે "ખરેખર તારા સ્વામિનારાયણ ભગવાને આપણી રક્ષા કરી, નહિંતર જીવનભરની સાચવી રાખેલી આપણી પૂંજી લૂંટાઈ જાત. હુંય કેવો કઠોર કે તને તારા ભગવાનનાં દર્શન કરવા જવા પણ ન દીધી. હવે વહેલી સવારે જઈને તારા ભગવાનને મળી આવજે અને એમનો આભાર પણ માની આવજે."

આમ નવલબાઈના ભાગ્યનું પાંદડું બદલાયું અને વહેલી સવારે નાઈ-ધોઈને પ્રભુના દર્શને ગઈ અને શ્રીજી મહારાજને બધી વાત કરી. પ્રભુ મંદ મંદ હસ્યા અને બધું સારૂં થઈ જશે એવા આશીર્વાદ આપીને નવલબાઈને પ્રસાદ આપ્યો અને એના પતિને આપવાની ખાસ ભલામણ કરી.

ઘેર આવી બાઈએ એના પતિને મહારાજે આપેલી પતાસાંની પ્રસાદી આપી અને પોતે રસોઈ કામમાં લાગી ગઈ. અને પ્રભુની શિખામણ પ્રમાણે રોટલો ઘડતી વખતે "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" છાશ વલોવતી વખતે ભગવાનનું નામ, શાક વઘારતી વખતે પ્રભુનું રટણ, પાણી ગાળે ત્યારે પણ હરિનામ ! આમ રોજના નવલબાઈના એ વલણથી એના પતિ નારણમાં અજબ પરિવર્તન આવ્યું. જ્વાળા મુખીની માફક અગાઉ ફૂંફાડા મારતો એનો પતિ ઠરેલા અગ્નિ જેવો બની ગયો.

એની પત્નીના હાથની બનાવેલી રસોઈમાં એને અનેરો સ્વાદ લાગ્યો એટલે બહાર જમવાનું છોડી દીધું. એની પત્ની પૂજા પાઠ કરે એમાં કોઈ જ માથાકૂટ નહીં. એણે તો નવલબાઈને ભગવાન પાસેથી નવી માળા અને નવી પૂજા લઈ આવવાની ભલામણ કરી. ત્યારે ભગવાન પ્રાંતિજથી ચાલ્યા ગયા છે અને અત્યારે અમદાવાદમાં છે. એવી જાણ થતાં તો તેમના પતિએ અમદાવાદ જવાની પણ રજા આપી ત્યારે બાઈ રાજી થઈ. પણ પતિ ભેગો આવે તો જ પોતે જાય એવો આગ્રહ કર્યો. ત્યારે થોડા દિવસ પછી જવા માટે નારાણ તૈયાર થયો. ખરાબ સોબત છોડી દીધી ! બીડી ફૂંકવાની પણ બંધ! જુગાર રમવાનું જાણે કે ભૂલી ગયો ! દારૂ પીવાનું બંધ ! નવાઈની વાત તો એ હતી કે એના બોલવા ચાલવામાં પણ ઘણો ફરક જણાયો. તોછડી અને બિભત્સ ભાષા બંધ થઈ ! ઊંચે સાદે બોલવાનું પણ બંધ અને નિત્યે સમયસર ઘરે આવી જાય અને નવલબાઈ જોડે બેસીને શાંતિથી વાતો કરે. સ્વામિનારાયણ ભગવાને તો નવલબાઈનાં જીવનમાં એકદમ ફેરફાર લાવી દીધો. બાઈ શાંતિથી પ્રભુ ભજન કરે. ઊંચે સાદે કીર્તનો ગાય અને નિરાંતે રોટલો જમે. પ્રભુએ તો એક જ દર્શનમાં એના નસીબનાં તમામ બારણાં ખોલી નાખ્યાં. આડોશી-પાડોશી પણ નવલબાઈના પતિમાં આવેલું એકાએક પરિવર્તન જોઈને સ્વામિનારાયણ ભગવાનની પ્રશંસા કરવા માંડ્યા.

થોડા સમય બાદ નવલબાઈ એના પતિ નારાણને લઈને પ્રભુના દર્શન કરવા છેક અમદાવાદ ગયેલી ત્યારે પ્રભુનાં દર્શન થી પ્રભાવિત થઈને નારાણે એજ સમયે પ્રભુ પાસે કંઠી બંધાવીને પંચવર્તમાન પાળવાનાં પણ નિયમ

લીધેલા. અને એક વખતનો નાસ્તિક, કુસંગી, કઠોર હૃદયનો, વ્યસની અને નિત્ય બહાર ગમે ત્યાં ગમે તેવું જમવાવાળો નારણ સ્વામિનારાયણ ભગવાનનો નિષ્ઠાવાન સત્સંગી બની ગયો અને પ્રાંતિજમાં એક સજ્જન માણસ તરીકે તેની ઓળખાણ થવા લાગી. આમ ભગવાનના શરણે જવાથી ગમે તેવા પ્રારબ્ધ બદલાઈ જાય છે.

કરજીસણના ગોવિંદભાઈ :

આ ગામમાં પ્રસિધ્ધ હરસિધ્ધ માતાજીના મંદિરમાં દર વરસે આસો સુદ આઠમના પાડાની હિંસા કરીને બલી દેવાય. જે મહારાજે પોતે હાજર રહીને તમામ ગ્રામજનોને સમાધિમાં યમયાતનાનાં દર્શન કરાવીને પ્રથા બંધ કરાવી.આ ગામમાં અગ્રણીય ગોવિંદભાઈના વંશમાં સંતાન નહિ જેથી એમનાં ભાભીએ એમના પત્નીને 'વાંઝણી' તરીકે મેણું માર્યું. આથી દંપતિને વસમું લાગ્યું અને સંસાર પરથી ચિત્ત ઊતરી ગયું... ગોવિંદભાઈ અને એમના પત્ની ત્યાગી થવા માટે ગઢડે મહારાજ પાસે ગયાં.... મહારાજે એમની આપવીતી સાંભળી. શ્રીજી મહારાજને આ બે જણાં થકી દંઢાવ્યમાં સત્સંગ વધારવો હતો જેથી ત્યાગની ના પાડી અને સંતાન સુખના આશીર્વાદ આપીને સંસારમાં પાછા વાળ્યા.

ગોવિંદભાઈની પત્નીની ઊંમર અઠ્ઠાવન વર્ષની થઈ હતી છતાં ભગવાનની કૃપાથી એમને ચાર પુત્રો થયા ! મહારાજે ચારેય દીકરાઓના નામ પાડીને એમને આશીર્વાદ આપ્યા હતા.

કરજીસણમાં ગોવિંદભાઈના પરિવારે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના હસ્તે અનેક ઉત્સવો કરાવેલા. સં. ૧૮૭૧ માં અતિ ભવ્ય જન્માષ્ટમી ઉત્સવ કરાવ્યો. મહારાજ ઘણા દિવસો એમના ઘેર રહીને હીંડોળે ઝુલ્યા. ગામનાં ડાયરામાં જઈને સૌને અફીણ મૂકાવ્યાં. પાદરે જઈને જુગાર બંધ કરાવી અને દારૂનો ભટ્ઠો પણ બંધ કરાવ્યો. ગોવિંદભાઈના પરિવાર મારફત મહારાજે આ ગામમાં ખૂબ સત્સંગ કરાવ્યો. આમ કરજીસણ સ્વામિનારાયણ સંપ્રદાયનું એક મોખરાનું ધામ બની ગયું.

અનોખું તીર્થધામ ગવાડા

– સાધુ રામકૃષ્ણદાસ (કોટેશ્વર ગુરુકુળ)

સર્વાવતારી શ્રીહરિ પૃથ્વી લોક ઉપર પધાર્યા અને પોતાના પુનીત ચરણોથી જે જે ભૂમિ ઉપર વિચર્યા તે ભૂમિ અક્ષરધામ તુલ્ય બની. જે જે વસ્તુ-પદાર્થનો શ્રીહરિએ સ્પર્શ કર્યો પોતાના ઉપયોગમાં લીધી તે તે નિર્જીવ અને જડવસ્તુઓ પણ પરમ પ્રસાદીની દિવ્ય બની. શ્રીજી મહારાજ સત્સંગમાં અનેક ગામોમાં ફરી અનેક લીલાઓ કરી તે સ્થાનને શ્રેષ્ઠ બનાવ્યું. આવા અનેક તીર્થસ્થાનોમાંનું અનોખું પ્રસાદીભૂત દિવ્ય સ્થાન ગવાડા છે. મહારાજે જે દિવ્ય લીલા ગવાડામાં કરી છે તે અનોખી અને અલૌકિક છે.

શ્રીહરિ ઉમાભાઈ પાર્ષદને સાથે લઈ ઉત્તર ગુજરાતમાં વિચરણ કરતા કરતા વિસનગર થઈ ગેરિતા થઈ ગવાડામાં પધારેલા. ભગવાન અને ભક્ત જ્યારે ગામમાં આવ્યા. ગામમાં કોઈ શ્રીહરિના આશ્રિત તે સમયે ન હોવાથી કોઈ ઓળખી શક્યું નહીં. ગાયકવાડ અને અંગ્રેજ સરકાર જે શ્રીહરિનું હાથી પર બેસાડી સામૈયું કરતા તે શ્રીહરિ આજ માત્ર ભક્તોના કલ્યાણની ભાવનાથી ગામના એક વણિક શેઠની દુકાન આગળ આવીને ભોજન તથા રાત્રી-નિવાસ માટે વ્યવસ્થાની માંગણી કરી. પરંતુ ચોવીયાર બેસી ગયા હોવાથી શેઠે ભોજન માટે અસમર્થતા બતાવી ને રાત્રી નિવાસ માટે પોતાની દુકાનના ઓટલે સૂઈ રહેવાની રજા આપી. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ ગવાડા ગામમાં એ દુકાનના ઓટલે ઉમાભાઈ પાર્ષદ સાથે સૂઈ ગયા. રાત્રે શેઠે ઉમાભાઈની તલવાર તથા ફેંટો લઈ લીધો. સવારે શ્રીહરિએ જાગીને વણિક પાસેથી તલવાર તથા ફેંટો પરત અપાવ્યો. આગળ ચાલ્યા. આગળ જતા વાઘરીયા તળાવના કિનારે મહારાજ બેઠા અને ભોજનની ઈચ્છા વ્યક્ત કરી. ઉમાભાઈ ગાડામાં બેસી વિજાપુર જઈ વજીબાને ત્યાંથી થાળ લાવ્યા ને મહારાજ તે તળાવના કિનારે થાળ જમ્યા.

માત્ર ભક્તોના કલ્યાણ માટે જ આવી રીતે આખી રાત્રી શ્રીહરિ જે સ્થાનમાં સૂતા હોય તે સ્થાનનું માહાત્મ્ય તો અગણિત છે. એજ સ્થાને પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ઈચ્છા, સંકલ્પ અને આશીર્વાદથી હાલમાં જ પ્રસાદીના મંદિરનું નવનિર્માણ થયું છે. સત્સંગી માત્ર એ આ દિવ્ય તીર્થના દર્શન અવશ્ય કરવા જોઈએ.

દેવ દ્રવ્ય

- જયંતિભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

"શિક્ષાપત્રી એ શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાડંગમય મૂર્તિ છે. શ્રીજી મહારાજની આ પરાવાણી તે તેમનું સ્વરૂપ હોઈ એમની અભેદ શક્તિ છે."

તેથી જ શિક્ષાપત્રીનું પાલન પરમ આદર થકી કરવું. મહારાજે શિક્ષાપત્રીમાં શ્લોક નં. ૧૪૭માં દરેક આશ્રિત માત્રને ધર્માદો કાઢવાની આજ્ઞા કરી છે.

"ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન-ધાન્યાદિક તે થકી દસમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દૂર્બળ હોય તેણે વીસમો ભાગ અર્પણ કરવો."

સત્સંગી માત્રની સુખાકારી માટે તેમનાં ધન-ધાન્યની શુદ્ધિ અર્થે ઉપરોક્ત આજ્ઞા કરવામાં આવી છે. સત્સંગી માત્રને અનીતિ કે અધર્મથી ધન-ધાન્ય પ્રાપ્ત કરવાની આજ્ઞા નથી, પરંતુ જાણે અજાણે પણ કાંઈક ખોટા અર્થની પ્રાપ્તિની શુદ્ધિ માટે અને પોતાની સુખાકારી માટે જ ઉપરોક્ત આજ્ઞા મહારાજે કરેલ છે. જેનું ચુસ્તપણે પાલન કરવું એ આપણો પ્રાથમિક ધર્મ છે. આજ્ઞામાં ધર્માદો દેવને અર્પણ કરવાનું સૂચન છે. માટે દેશ વિભાગનાં લેખ મુજબ શ્રી નરનારાયણદેવ દેશ એટલે કે અમદાવાદ મંદિરના તાબા નીચે તેમજ શ્રી લક્ષ્મીનારાયણદેવ એટલે વડતાલ તાબા નીચેનાં મંદિરમાં ધર્માદો આપવો એ મહારાજની સ્પષ્ટ આજ્ઞા છે. માટે જે દેશમાં રહેતા હોઈએ તે દેવ નીચે



આવેલ મંદિરમાં જ ધર્માદો કાઢવો તેનું નામ જ ધર્માદો. એ દેવદ્રવ્ય છે. આથી દરેક શ્રીહરિનાં આશ્રિત ભક્તોએ પોતાની ઉપજમાંથી આજ્ઞાનુંસાર ધર્માદો જે તે દેશમાં રહેતા હોઈ તે દેશના દેવ મંદિરમાં જમાં કરાવી શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરવો. આજ્ઞા મુજબ ધર્માદો ન કાઢનાર કે અધુરો કાઢનારને પુનઃ જન્મ લઈ દેવ દ્રવ્યના ઋણમાંથી મુક્ત થયા બાદ જ મહારાજ પોતાના ધામના અધિકારી બનાવે છે. થોડે ઘણે અંશે હાલની પરિસ્થિતિમાં કાંઈક જુદું જ જોવા મળે છે. આ લોકમાં ગણાતા અતિ બુદ્ધિશાળી લોકોએ પોતાનો મનઘડંત કાલ્પનિક સિદ્ધાંત પ્રસ્થાપિત કરવાના મેલા આશયથી નિર્દોષ ભોળા ભક્તોને ગુમરાહ કરીને ભગવાનની સ્પષ્ટ આજ્ઞા હોવા છતાં ભગવાનનાં નામની ઓથ લઈ પુણ્યનાં નિમિત્તે દેવદ્રવ્યને માન્ય મંદિરોમાં ન અપાવતા પોતાની ખાનગી સંસ્થામાં વળાવી મહારાજની આજ્ઞાનુ ખરેખર ઉલ્લંઘન કરાવે છે. અને ઉપરથી તમારૂ દેવદ્રવ્ય સત્ય કાર્યમાં વપરાય છે એવું ખોટું આશ્વાસન આપી મહારાજના ગુનેગાર બનાવે છે.

જીવનનાં પ્રત્યેક કાર્યોમાં પ્રભુ ઓતપ્રોત થઈને રહેલો છે. કર્મોમાં જોડે ઉભા રહેનારને ફૂળમાં પણ અધિકાર હોય છે. એ સામાન્ય લોક વ્યવહાર હોય છે. એ રીતે જોતા આપણને થતી વિવિધ પ્રકારની પ્રાપ્તિઓમાં ભગવાનનો પણ ભાગ છે. ભગવાનનો ભાગ ભગવાનના ચરણે ધરવાનું વિસારી દઈને જે બાહ્યભક્તિનો મિથ્યાચાર કરે છે તે દાંભિક મનુષ્ય ભગવાનને ગમતો નથી.પ્રભુનો ભાગ હજમ કરી જનાર મનુષ્ય પોતાનાં વિત્તથી પકવાન રાંધી જમતો હોય તો પણ તે પાપ જમે છે. આવા મનુષ્યને ત્યાં ભોજન જમવાનો નિષેધ છે. પૂર્વે જે જે લોકો ભગવાનના ભાગ હજમ કરી ગયા છે. તેમની શું શું સ્થિતિ થઈ હતી તે જગ પ્રસિદ્ધ વાત છે.


ભારતીય સંસ્કૃતિમાં કમાયેલી સંપત્તિમાંથી રાજાનો કર તેવો જ પ્રભુનો ભાગ કાઢવાની દરેક શાસ્ત્રોએ આજ્ઞા આપી છે. તે મુજબ લોકો સ્વેચ્છાએ ભાગ કાઢતા અને ધર્મપાલનનો સંતોષ પણ અનુભવતા. માનવ સંપત્તિનો પ્રવાહ પ્રભુ કાર્યમાં તેમની આજ્ઞાનુંસાર વહેવો જોઈએ. પ્રભુકાર્યમાં ખર્ચેલી સંપત્તિ પ્રસાદી બને છે અને માનવી હંમેશા પ્રસન્નતા અનુભવે છે. સંપત્તિ કેવળ પોતાના ભોગનું જ સાધન બની રહે એ ન્યાયે માનવ પ્રસન્ન ન બનતા રોગી બને છે.

આપણા દેવ મંદિરોમાં મુકાતો પાઈ-પૈસો એ પણ આ દેવ દ્રવ્યનું પ્રતીક જ છે. સામાન્ય માણસ પણ પોતાનો અલ્પ હિસ્સો વિશ્વાસથી મંદિરમાં પ્રભુનાં ચરણે ધરે છે. આમ સમગ્ર દેવ દ્રવ્યનો ઉપયોગ પ્રભુકાર્યમાં કરાય છે. એવી સામાન્ય જનની મૂક શ્રદ્ધા મંદિરનાં વહીવટ કર્તા કે ટ્રસ્ટીઓમાં હોય જ છે. માટે વહીવટકર્તા કે ટ્રસ્ટીઓએ ખૂબજ સાવધાની રાખવાની જરૂર છે. દેવ દ્રવ્યનો ઉપયોગ ભગવદ્ કાર્યમાં જ ખર્ચાવું જોઈએ. પોતાને કીર્તિ કે પ્રસિધ્ધિ જોઈતી હોય તો વ્યક્તિએ કે સંસ્થાએ પ્રભુની આજ્ઞા મુજબ ભાગ કાઢ્યા પછી બાકી રહેલી પોતાની સંપત્તિમાંથી સત્કાર્યો કરવા જોઈએ. જેથી પ્રભુનો રાજીપો પ્રાપ્ત થાય છે.

શ્રીજીમહારાજના વખતમાં મહારાજ સાથે કાયમ રહેવાવાળા ગરાશીયા નારૂજીભાઈ હતા. તેમને બહુજ મંદવાડ થવાથી શ્રીજી મહારાજ તથા મોટા મોટા સંતોએ દર્શન દઈને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા. ત્યાં નારૂજીને શ્રીજી મહારાજે એવું બતાવ્યું જે પાંચસો પરમહંસો તથા કેટલાક હરિભક્તોની પંક્તિ કરીને દિવ્ય ભોજન જમાડતા. તેટલામાં નારૂજીને શ્રીજી મહારાજે કહ્યું જે તમે ઝીણાભાઈ તથા દાદાખાચર એ બેઉની વચ્ચે જમવા બેસો. તે સાંભળીને બન્નેની વચ્ચે જમવા બેઠાને શ્રીજી મહારાજ પીરસતા પીરસતા નારૂજી પાસે આવે ત્યારે પીરસવાની વસ્તુ ખૂટી જાય. નારૂજીના પાત્રમાં કાંઈ પણ હતું નહિ ને મહારાજે સહુને જમવાની આજ્ઞા કરી. ત્યારે નારૂજીએ શ્રીજી મહારાજને હાથ જોડીને કહ્યું જે મને આપશ્રીએ જમવા બેસાડ્યો પણ મારા પાત્રમાં હજું કોઈ ચીજ આપશ્રીએ જમવાની પીરસી નથી. તે સાંભળીને શ્રીજી મહારાજે કહ્યું જે તમો તપાસ કરો તમારા દ્રવ્યનો ઉપયોગ મારા વાસ્તે ક્યારેય કર્યો છે ? લોભને લીધે તમારા હાથથી કોઈપણ દાન-ધર્માદાની કે અન્ય સેવા થયેલ નથી. અંહિયાતો કર્મભૂમિ છે. જે જે કરેલ હોય તે પમાય છે. તમે તો મારી સાથે દૂધ ચોખાને સાકર જ કેવળ જમેલા છો. આ સાંભળીને નારૂજીએ મહારાજને પ્રાર્થના કરી કે મને કૃપા કરીને પાછો મારા શરીરમાં સચેતન કરો અને થોડું ઘણું આયુષ્ય આપો તો આપના કહેવા પ્રમાણે આપના પુત્ર (આચાર્ય મહારાજ) તથા સંતોને અન્ન વસ્ત્રથી સેવા કરી પ્રસન્નતા મેળવીશ. એમ કહ્યું કે તરતજ નારૂજીને પોતાના શરીરમાં સચેતન કર્યા. તે વખતે નારૂજીને ઝોબો વળ્યો તેથી નીચે મરણ પથારીમાંથી ખાટલા ઉપર સૂવાડ્યા. તેમનાં સંબંધીઓએ વાત પૂછી જે તમે દેહનો ત્યાગ કરી ગયા હતા ને પછી દેહમાં કેમ આવ્યા ? તેનું કારણ શું ? નારૂજીએ કહ્યું જે મારા શરીરે સારૂ થયેથી તમોને માલુમ પડશે. તમો સહુ પોતપોતાના ઘેર જાઓ. આમ સર્વેને રજા આપ્યા પછી ધીરે ધીરે થોડા દિવસમાં મંદવાડ મટી ગયો. પોતે વિચાર કર્યો કે શ્રીજી મહારાજ હતા ત્યારે મારાથી કોઈ પ્રકારની સેવા થઈ શકી નથી તો હવે અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંત પાર્ષદો ને અહિંયા પધરામણી કરાવીને મારાથી બને તે પ્રમાણે સેવા કરું જેથી મારા ઉપર શ્રીજી મહારાજની પ્રસન્નતા ઉતરે. તેમ વિચારી આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા તેમની સાથે કેટલાક સંતોને પોતાને ત્યાં તેડાવ્યા ને પંદર દિવસ સુધી વિવિધ પ્રકારની રસોઈ જમાડીને મહારાજશ્રી તથા સંતોને બહુ રાજી કર્યા. પછી પૂ. મહારાજશ્રીએ નારૂજી પાસે અમદાવાદ જવાની રજા માંગી તે ત્યારે નારૂજીએ પૂ. મહારાજશ્રી તથા સર્વે સંતોની વસ્ત્રોથી પૂજા કરી ભેટ-સોગાંદો વગેરે આગળ મૂકીને આરતી ઉતારી. પછી પૂ. મહારાજશ્રીને કહ્યું જે તમો શ્રીજી મહારાજના પુત્ર છો અને તેમના સ્થાને બિરાજમાન છો. માટે શ્રીજી મહારાજને મારા વતી પ્રાર્થના કરજો જેથી મને થોડા વખતમાં અક્ષરધામમાં તેડી જાય. તે સાંભળી પૂ. મહારાજશ્રીએ કહ્યું જે તમારી થોડી ઘણી કાચ્યપ હશે તે ટાળવા માટે તમોને અક્ષરધામમાંથી અહિયાં મોકલ્યા છે. માટે હવે આજથી પંદરમે દિવસે ચોક્કસ મહારાજ આપશ્રીને ધામમાં તેડી જશે. એમ કહીને નારૂજી તથા ત્યાંના હરિભક્તોની રજા લઈને પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી અમદાવાદ પધાર્યા. પછી પૂ. મહારાજશ્રીના વચન અને સમયની અવધિ અનુસાર જ દેહનો ત્યાગ કરીને નારૂજીભાઈ અક્ષરનિવાસી થયા હતા. ઉપરોક્ત પ્રસંગથી ચોક્કસ થઈ જાય છે કે મહારાજની આજ્ઞાનુંસાર ધર્માદો-દેવ દ્રવ્ય અર્થે ન વપરાય તો પુનઃ જન્મ લઈ આજ્ઞાની પૂર્તિ કર્યા બાદ જ અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. માટે ખબરદાર થઈ શ્રીજી મહારાજની આજ્ઞાનુંસાર ધર્માદો કાઢી રાજીપો પ્રાપ્ત કરી લેવો.

આપણા સૌનું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

– ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંવત ૧૮૮૨ ને કારતક સુદ એકાદશીના શુભ દિને પોતાના બે ભત્રીજાઓને દત્તપુત્ર તરીકે સ્વીકારીને તેઓને આચાર્યપદ અર્પણ કરીને ધર્મધુરા સોંપી સત્સંગનો સમગ્ર ભાર અથવા ઉદ્ધવ સંપ્રદાયની સમગ્ર જવાબદારી શ્રીહરિના સ્થાને બિરાજમાન તેઓના અપર સ્વરૂપ બન્ને પ.પૂ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરપ્રસાદજી મહારાજના શિર પર આવી. આચાર્યશ્રીને મસ્તક પર સત્સંગના ભાર રૂપી લાલ પાઘ પર સત્સંગના ભાર રૂપી લાલ પાઘ ધારણ કરાવ્યા પછી પણ શ્રીહરિએ નિવૃત્તિ લીધી નહોતી. ૧૮૮૨ ફા.વ. ૮ થી ૧૮૮૫ આસો સુદ-૧૨ સુધીમાં શ્રીહરિએ જેતલપુર, ધોલેરા, ધોળકા, જૂનાગઢ અને ગઢડા એમ પાંચ મહામંદિરોનું નિર્માણ કાર્ય કરાવીને સ્વહસ્તે તે મંદિરોમાં નિજ સ્વરૂપો પધરાવ્યા છે. તેમજ ૧૮૮૨ મહા સુદ પંચમીના દિવસે સમગ્ર વિશ્વના મનુષ્યોને સુખી થવાની ચાવી રૂપ અણમોલ 'શિક્ષાપત્રી''ની ભેટ આપી છે. સં. ૧૮૮૬ જેઠ સુદ-૧૦ સુધી શ્રીહરિએ સત્સંગમાં અવિરત પ્રત્યક્ષપણે વિચરણ કરીને સંત હરિભક્તોને અમાપ સુખ આપ્યું. ત્યાર પછી પણ સત્સંગમાં દિવ્ય સ્વરૂપે તેમજ પ્રત્યક્ષરૂપે દેવ-આચાર્ય સ્વરૂપે સુખ આપી રહ્યાં છે.

બિલકુલ આજ રીતે આપણા પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સં. ૨૦૬૦ આસો સુદ-૨ ના શુભ દિને પોતાના ઔરસ પુત્ર પ.પૂ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને આચાર્યપદના પ્રતીક સમી લાલ પાઘ પહેરાવીને ધર્મધુરા સોંપી. ઉત્તર વિભાગના સત્સંગનો સમગ્ર ભાર અમદાવાદ દેશના સ્વામિનારાયણ સંપ્રદાયની સમગ્ર જવાબદારી શ્રીહરિના અપર સ્વરૂપ વર્તમાન આચાર્ય પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શિર પર આવી. શ્રીહરિના સ્થાને બિરાજમાન વર્તમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સત્સંગ સમાજને અમાપ સુખ આપે છે. પરંતુ પ.પૂ. મોટા મહારાજશ્રી પણ શ્રીહરિની જેમ જ સંતો, હરિભક્તોની ભાવનાને વશ થઈને નિવૃત્તિ લઈ શક્યા નહિ. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણ કાર્ય માટે જ તેઓશ્રીએ નિવૃત્તિ લીધી હતી. પરંતુ સંતો હરિભક્તોના આગ્રહને વશ થઈને તેઓ આજે પણ સત્સંગમાં અવિરત વિચરણ કરે છે અને તે દરમિયાન આવતી ચરણભેટ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણ કાર્ય માટે અર્પણ કરે છે. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની માલિકી શ્રી નરનારાયણદેવની છે. પ.પૂ. મોટા મહારાજશ્રીને શ્રી નરનારાયણદેવ સાથે એકતા અર્થાત્ સુધો મનમેલાપ છે. તેથી તેઓશ્રી આવુ ભગીરથ કાર્ય કરી રહ્યા છે.શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ એ પ.પૂ. મોટા મહારાજશ્રીનો આજે જીવનમંત્ર બની ગયો છે. એટલે જ સત્સંગની લગભગ દરેક નાની મોટી

સભાઓમાં પૂ. મોટા મહારાજશ્રી મ્યુઝિયમનો ઉલ્લેખ કરતા હોય છે. તેવો જ ઉલ્લેખ પોતાના ૬૩મા પ્રાકટ્યોત્સવ પ્રસંગની અમદાવાદ મંદિરના પ્રસાદીના સભા મંડપમાં યોજાયેલી આજની દિવ્ય સભામાં પણ તેઓશ્રીએ નીચે મુજબ કર્યો.

વિદેશમાં કોઈ યુવાન દીકરાઓ પોતાના માતા-પિતાને તેડાવે પછી એમ કહે કે તમે Job કરશો તો જ તમને રાખીશું. પાછલી ઉંમરમાં વડીલો Job ન કરે તો પણ યુવાન દીકરાની તેના માતા પિતાને રાખવાની ફરજ પડે છે. તેમ અમને કોઈ કહે કે તમે પધરામણીએ પધારો તો જ તમને મ્યુઝિયમ માટે અનુદાન આપીએ, તેવું ન ચાલે. હરિભક્તોએ સામે ચાલીને મ્યુઝિયમ માટે અનુદાન આપી જવું જોઈએ. કારણ કે આ મ્યુઝિયમ અમારા એકલાનું નથી. સત્સંગી માત્રનું છે. સંપ્રદાયનું છે. છતાં અમે મ્યુઝિયમના લાભ માટે કોઈને પધરામણીની ના પાડી શકતા નથી. તે જ હેતુથી ટૂંક સમયમાં ફરી વિદેશ પણ વિચરણ કરવાના છીએ. એ રીતે સત્સંગમાં પણ જાગૃતિ રહે છે. અને મ્યુઝિયમ માટે ફંડ આવતા તે કાર્ય પણ આગળ ચાલે છે. અમે ઈચ્છીએ છીએ કે આ કામ માટે નરનારાયણદેવની ફિક્સ ડીપોઝીટ ન વટાવવી પડે.

દરેક મંદિરોમાં અમે મ્યુઝિયમના સાઈન બોર્ડ લગાવ્યા છે. એ એટલા માટે નથી લગાવ્યા કે લોકો અમારો ફોટો જુએ. પરંતુ હરિભક્તોને સતત યાદ રહે કે મ્યુઝિયમ બને છે. હરિભક્તો ત્યાં આવે, કાર્ય નિહાળે. જેનાથી અમારો ઉત્સાહ પણ વધે. આ મ્યુઝિયમ કોઈ સામાન્ય મ્યુઝિયમ બનવાનું નથી. આંતર રાષ્ટ્રીય લેવલે ખૂબ મહત્વનું મ્યુઝિયમ બનવાનું છે. પ્રસાદીની વસ્તુઓ તો આપણે મંદિરોમાં તેમજ સંતો પાસે કે હરિભક્તોના ઘેર જોઈએ જ છીએ. અહીં અક્ષરભુવનમાં પણ ઘણી પ્રસાદીની વસ્તુઓ છે. પરંતુ મ્યુઝિયમમાં એ પ્રસાદીની વસ્તુઓને એવો ઉઠાવ આપવાનો છે કે દર્શનાર્થીના ચિત્તમાં એ વસ્તુ તુરત જ ચોંટી જાય !!

મોંઘવારી વધતી જાય છે. તેથી મ્યુઝિયમ નિર્માણ કાર્યમાં જેટલું મોડું થાય તેટલું ધાર્યા કરતા આપણું બજેટ પણ વધી જાય છે. થોડા સમય પહેલાં બેંકના કર્મચારી એક હરિભક્ત મોટી રકમ લઈને મ્યુઝિયમ પર આવેલા. તેઓએ અમને કહ્યું કે, મારા પ્રોવિડન્ડ ફંડનાં ખાતામાંથી મેં મ્યુઝિયમ માટે લોન લીધી છે. અમે તેઓને કહ્યું કે, કોઈપણ પ્રકારની લોન લઈને આવા પૈસા અમારે મ્યુઝિયમમાં નથી વાપરવા, તમે આ પૈસા પાછા લઈ જાવ, તમારા ઘર-કુટંબ માટે વાપરજો. તેઓએ કહ્યું કે હું પૈસા પાછા લઈ જવાનો નથી. લોન તો હું બે વર્ષમાં ભરપાઈ કરી દઈશ. પછી અમે તે ભક્તની ભાવના જોઈને તે પૈસા સ્વીકાર્યા. એટલે આવી પણ ભક્તોની ભાવના હોય છે.

પ.પૂ. વર્તમાન મહારાજશ્રીએ પણ મૌન પણે કહ્યું કે, અમારા પૂ. બાપુજીની વાતમાં અમારો સૂર આવી ગયો ! તેથી હકીકતમાં પ.પૂ. મહારાજશ્રીએ પણ ઉપરોક્ત મ્યુઝિયમ વિષયક વાત આપણને સૌને ફરી કહી એવું કહી શકાય. કારણ કે નરનારાયણદેવ માટે જેમ વાક્ય છે. 'છો તો એક, પણ દીસો છો દોય' તેમ પૂ. મહારાજશ્રી માટે પણ તેવું જ છે. 'છો તો એક પણ દીસો છો દોય' બન્નેનો સૂર એક હોવાથી સત્સંગના ચાલુ કાર્યોમાં મ્યુઝિયમ નિર્માણનું કાર્ય First Preference (પ્રથમ પસંદગી) બની જાય છે.

શ્રીહરિ તથા પ.પૂ. ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા દેશ વિદેશમાં નિર્માણ થયેલા અસંખ્ય મંદિરોમાં શ્રીહરિ મૂર્તિ સ્વરૂપે આપણને પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા છે. પરંતુ મ્યુઝિયમ એવું વિશિષ્ટ મંદિર છે કે જ્યાં એકી સાથે એક જ જગ્યાએ શ્રીહરિની પ્રસાદીભૂત અસંખ્ય વસ્તુઓનું આપણને સૌને સુંદર વાતાવરણમાં દર્શન થવાનું છે ! આ કાર્યને દેશ વિભાગના સીમાડા લાગુ પડતા નથી. કારણ કે ઈષ્ટદેવનું આ કાર્ય છે. પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામ ગૂંજતું થવામા મ્યુઝિયમ એક મહત્વની શ્રુંખલા બની રહેશે ! શ્રીકૃષ્ણ ભગવાને ટચલી આંગળી ધારણ કરી, પરંતુ ગોવાળિયા પણ કંઈ કમ નહોતા, તેઓએ લાકડીઓનો ટેકો દઈને પોતાની ભાવના વ્યક્ત કરી. તેવી જ રીતે પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ. મહારાજશ્રીએ મ્યુઝિયમ નિર્માણ માટે દ્રઢ સંકલ્પ કરેલ છે. તે કાર્યને પુરુ કરવામાં નિરંતર પ્રવૃત છે. તો આપણે પણ તન, મન, ધનથી તે કાર્યમાં જોડાઈએ અને શ્રીહરિ તથા શ્રીહરિના અપર સ્વરૂપનો રાજીપો મેળવીએ. આ કાર્યમાં ઘણા હરિભક્તોએ ઘણું યોગદાન આપ્યું છે. પરંતુ મ્યુઝિયમ હજુ ૩૦% એ પહોંચ્યુંછે. કારણ કે કાર્ય

ખૂબ મોટું છે. તો જ્યાં સુધી આ કાર્ય સંપૂર્ણ ન થાય ત્યાં સુધી આપણે સૌએ પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે તન, મન, ધનથી સેવા આપીને લાકડીનો ટેકો ચાલું રાખવાનો છે ! દરરોજ અથવા પર્વના દિવસોમાં થોડી થોડી રકમ જમા કરાવવી હોય તો અમદાવાદ મંદિરેથી 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સેવા કુંભ' લાવીને પોતાના ઘેર રાખી શકાય. તે કુંભ પરિપૂર્ણ થતા મંદિરે જમા કરાવીને તે રકમની પહોંચ મેળવી શકાય.

અત્રે ટાઈટલ બહાર થોડી વાત લખું તો, પ.પૂ. મોટા મહારાજશ્રી યોગી પુરુષ છે. પૃથ્વી પર ક્યાં સુધી પોતાનો દેહ રાખવો તે બાબત તેઓ સ્વતંત્ર છે. પ્રથમ તેઓશ્રીએ એક સભામાં કહ્યું કે, અક્ષરધામમાં જવા માટે અમારી ફાઈલ મૂકાઈ ગઈ છે. શ્રીહરિને મળવા માટેનો અમોને આનંદ છે. પરંતુ શ્રી નરનારાયણદેવના ૧૮૫ માં પાટોત્સવની સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી આનંદમાં આવીને સત્સંગ પર અઢળક ઢળી ગયા. પોતે પ્રસાદીના સભા મંડપમાં વચ્ચે ખુરશી પર બિરાજમાન હતા. તેઓશ્રીની બન્ને બાજુ અમદાવાદ અને વડતાલ ગાદીના બન્ને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી બિરાજમાન હતા. તે સમયે ભવિષ્યને જોઈ શકતા હોય તેમ પૂ.મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું કે, **હવે નરનારાયણદેવની સ્થાપનાને ૨૦૦ વર્ષ પરિપૂર્ણ થવામાં ફક્ત ૧૫ વર્ષ બાકી રહ્યા, તે સમયે દ્વિશતાબ્દી પાટોત્સવ એવો ધામધુમથી ઉજવાય કે ગુજરાત આખું ઝૂમી ઉઠે અને અમે નરનારાયણદેવને પ્રાર્થના કરીએ કે તે સમયે પાટોત્સવની સભામાં આજ સભામંડપમાં આ જ બન્ને મહારાજશ્રી આ જ રીતે બિરાજમાન થઈને દર્શન આપતા હોય અને વચ્ચે અમે બેઠા હોઈએ, વળી એ સમયે લાકડીના ટેકા વિના પણ આ સભામંડપના પગથિયા અમે ચડીને અહીં આવી શકીએ.**

૬૩ માં પ્રાકટ્યોત્સવની આજની સભામાં મોટા સંતોએ પૂ. મોટા મહારાજશ્રીના ઉપરોક્ત શબ્દો સત્ય થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી. મહારાજને પ્રાર્થના કરી, ત્યારે આજની સભામાં પણ પૂ. મોટા મહારાજશ્રીનું પ્રથમ વાક્ય એ હતું કે, **"સંતોના આશીર્વાદ અમોને હકીકતમાં ફળે છે. કારણકે થોડા દિવસ પહેલા જ અમે શરીરનું મેડીકલ ચેકપ (તબીબી તપાસ) કરાવ્યું તો હજું તો બધા રીપોર્ટ અવયવો નોર્મલ છે."**

સ્વયં યોગી પુરુષ હોવા છતાં શરીર સ્વાસ્થ્યનો યશ સંતોને આપે છે. એજ શ્રીજી મહારાજની અદ્‌ભુત પરંપરાનું અહીં દર્શન થાય છે !

પવિત્ર અધિક પુરૂષોત્તમ માસમાં શ્રી નરનારાયણદેવનો વિશેષ પાટોત્સવ તા. ૧૯-૫-૨૦૦૭ને અધિક જેઠ સુદ-૩ના રોજ ધામધુમથી ઉજવાશે. તેમજ વર્ષમાં આવતા આપણા બધા જ ઉત્સવો અધિક માસમાં ધામધુમથી ઉજવવામાં આવશે. તો શહેર અને ગામો ગામના શ્રીહરિના સૌ આશ્રિતોએ આવા પુણ્ય શાળી-પવિત્ર અધિક માસમાં દેવ દુર્લભ દર્શનનો સપરિવાર લાભ લેવાનું ચૂકતા નહીં. આવો અવસર વારંવાર મળતો નથી.

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિકમાસ પ્રથમ જેઠમાસ (પુરૂષોત્તમમાસ)ની ભવ્ય ઉજવણી

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીજી મહારાજે સ્વયં બાથમાં લઈ પધરાવેલ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સં. ૨૦૬૩ના પવિત્ર અધિક જેઠ માસ (પુરૂષોત્તમ માસ)માં આવતા તા. ૧૭-૫-૨૦૦૭ થી તા. ૧૫-૬-૨૦૦૭ પર્યન્ત આખા માસના ઉત્સવો તિથિ પ્રમાણે ભવ્યતાથી ઉજવવાનું શુભ આયોજન કર્યું છે. આ પ્રસંગે રોજના વાર્ષિક વૃત ઉત્સવ પ્રસંગોના દર્શનનો લાભ લેવા અમારુ સૌ સત્સંગ સમાજ સમસ્તને રૂડું આમંત્રણ છે.

સુજ્ઞ વ્હાલા પ્રેમી હરિભક્તો આ પવિત્ર અધિક પુરૂષોત્તમ માસ દર ત્રણ વર્ષે આવે છે. તેથી આ પ્રસંગના યજમાન બનવાનું સૌ કોઈને મન થાય અને તે માટે આપ વહેલાસર કોઠારમાં પોતાનું યજમાનપદ નોંધાવી અને નામ સરનામું વગેરે લખાવી જવું અને આ ઉત્સવ પ્રસંગમાં વિવિધ સેવાનો લાભ લેવા માટે પણ નામ લખાવવું.

નોંધ : તારીખ ૧૧-૬-૨૦૦૭ને જેઠ વદ-૧૧ના દિવસે સવારે ૮-૩૦ કલાકે સભા મંડપમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સમૂહ મહાપૂજાનો દિવ્ય લાભ મળશે. જેનો લાભ લેવા માટે કોઠારમાં રૂા. ૧૨૫-૦૦ ભરી પાવતી મેળવી લેવી.

મહંત સ્વામી

પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની સ્વ આશ્રિતો પરત્વે અજોડ અનુકંપા

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)

કોઈ પણ સંપ્રદાયમાં ધર્મધુરા વહન કરનારનું સ્થાપન સંપ્રદાયમાં તથા સમાજમાં અતિશય ઉચ્ચ મનાય છે. સમાજમાં ચોમેર તેમની આધ્યાત્મિકતાની એક સુવાસ પ્રસરેલી હોય છે. આજે આપણા આ મહામૂલા સંપ્રદાયમાં શ્રી નરનારાયણદેવ પીઠના પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આધ્યાત્મિકતા, નીતિમત્તાની સુવાસ જગતભરમાં પ્રસરાયેલી છે.

આટલા ઉચ્ચ સ્થાને બિરાજેલ હોવા છતાં કોઈપણ આગંતુકોને આવકાર આપવો, તેમની વાતો ધ્યાનપૂર્વક સાંભળવી, તેઓને માર્ગદર્શન આપવું આદિ પ્રત્યેક ક્રિયાઓમાં પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની વિનમ્રતાના દર્શન થયા વિના રહેતા નથી. કચ્છમાં ભીષણ ભૂકંપ સમયે તેઓશ્રીએ ભૂકંપથી જર્જરીત સ્થળો તથા ભૂકંપ પીડિતોની સ્થળ પર પધારી મુલાકાત લીધી અને બનતી સહાયતા કરીને લોકોને આશ્વાસન આપી નવજીવન જીવવાનું જોમ આપ્યું. ત્યારબાદ અદ્યપિ પર્યંત પીડિતોને સહાયભૂત થતા જ રહે છે.

કચ્છમાં સમૈયાઓ પ્રસંગે મહારાજશ્રી અવાર નવાર પધારતા રહે છે. એક વખત આવા પ્રસંગે મોટા મહારાજશ્રી ભુજ પધારેલા. ભૂકંપ બાદ નવું મંદિર નિર્માણ થઈ રહેલું હોવાથી તેઓશ્રીનો ઉતારો હોસ્પિટલ રોડ પર આંખના જાણીતા સર્જન ડો. દિલ્હીવાલા ને ત્યાં હતો. મારો પુત્ર રાજેશ મારી સાથે હતો. અમે મોટા મહારાજશ્રીના દર્શને ગયા. રાજેશે પોતાની તબિયત વિષે જણાવ્યું. વિશેષ કબજીયાત રહેતી હોવાની વાત કરી. પૂજ્ય મોટા મહારાજશ્રીએ યોગાસનોનો આશ્રય લેવા સમજાવ્યું. તેઓશ્રી કહે, "અત્યારે જ અમે ભોજન લીધેલું છે. એટલે યોગાસન કરી ન શકાય નહિં તો પ્રેકટીકલ કરીને બતાવું." પૂજ્ય મોટા મહારાજશ્રીની આવી સુંદર ભાવના અમોને સ્પર્શી ગઈ. ભક્તોની કોઈ પણ પ્રકારની સમસ્યાઓનું સમાધાન તેઓશ્રી અચૂક કરી આપે છે.

થોડા માસ અગાઉ પરમ પૂજ્ય માતુશ્રી અક્ષરધામ સિધાવ્યા ત્યારે મેં તેઓશ્રીને એક દિલાસા સભર પત્ર પાઠવેલો. ત્યારબાદ અમદાવાદ મધ્યે કાલુપુર મંદિરે તેમની બેઠકમાં પ્રત્યક્ષ દર્શનાર્થે પહોંચ્યો કે તરત જ પૂ. મહારાજશ્રી કહે, "તમારો પત્ર મળ્યો."આવા પ્રસંગે દેશ વિદેશથી કેટકેટલા પત્રો આવ્યા હશે તેની આપણે કલ્પના કરી શકીએ છીએ તેમ છતાં એક એક વ્યક્તિના પત્રની નોંધ લેવી કેટલું કઠીન કાર્ય છે. તે આપણે સૌ સમજી શકીએ છીએ.

પૂજ્ય મોટા મહારાજશ્રીએ મને મોબાઈલ કર્યો અને કહ્યું, "મારા મોબાઈલ પર આપનો મીસ કોલ જોયો." રાત્રે ૯-૩૦નો સમય હતો. મેં કહ્યું, "મહારાજશ્રી, મોબાઈલ એટલે કરેલો કે આપશ્રી સંતો, ભક્તો સાથે માનસરોવરની કઠિન યાત્રાએ જઈ આવ્યા. આ યાત્રા તો આપશ્રી જ કરાવી શકો. આ યાત્રા વિષે આપશ્રી પુસ્તક બહાર પાડો તો વાંચીને ઘણાને સમાસ થાય. આવી અનેક હરિભક્તોની અદમ્ય ઈચ્છા છે." મહારાજશ્રી કહે, "અમે તો ભૂતકાળ થઈ ગયા." મેં વિનમ્રતાથી જણાવ્યું, "મહારાજશ્રી હું તો હાથ જોડીને આપશ્રી સાથે વાતચીત કરી રહ્યો છું કે આપતો શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ છો. આ સ્વરૂપ સદાય વર્તમાન કાળમાં જ હોય. આપશ્રી પણ અમારા માટે વર્તમાન કાળમાં છો અને વર્તમાનમાં જીવવાની પ્રેરણા સતત આપી રહ્યા છો. હાલમાં આપશ્રી મ્યુઝિયમનીઅનેક વિધ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત છો. પરંતુ ભક્તો વતી મારૂં નમ્ર સૂચન જ રજુ કર્યું છે." હસીને પ્રત્યુતર આપ્યો, "અમો જરૂર વિચારીશું."

વિચાર આવ્યો કે આટલી બધી પ્રવૃત્તિમાં મહારાજશ્રી આપણો મીસ કોલ વાંચી સ્વયં મોબાઈલ કરે એ તેઓશ્રીની કેટલી મહાનતા કહેવાય ? કેટલાક વર્ષોથી મારા જન્મદિને

(અનુસંધાન પેઈજ ૧૬ પર)

શ્રી સત્‌શાસ્ત્ર વ્યસનાય નમઃ

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

શતાનંદમુનિ રચિત શ્રીહરિના ૧૦૮ નામો યુક્ત ચમત્કારી શ્રી જનમંગલ સ્તોત્રમાં શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને સત્‌શાસ્ત્ર વ્યસનઃ એમ વર્ણવવામાં આવ્યા છે. જનમંગલ નામાવલિ જોઈએ તો શ્રીહરિનું બાવનમું નામ શ્રીસત્‌શાસ્ત્ર વ્યસનાય નમઃ છે. અર્થાત્ "વેદાદિક આઠ સત્‌શાસ્ત્રોનું શ્રવણ કરવાનું જેમને નિત્ય વ્યસન છે એવા શ્રીહરિને હું પ્રણામ કરું છું."

શ્રીસહજાનંદસ્વામીનું સમગ્ર અવતરણ-ચરિત્ર અદ્‌ભુત અને અલૌકિક છે. પ્રથમ પોતે આચરણ કર્યું છે અને પછી જ એનો બોધ કર્યો છે.

પાંચ વર્ષના શ્રી હરિકૃષ્ણને પિતા ધર્મદેવે જે દિવસથી અક્ષર લખવાનો આરંભ કરાવ્યો તે દિવસથી જ કુશાગ્ર બુદ્ધિવાળા હરિકૃષ્ણ બહુ જ થોડા સમયમાં સર્વે વર્ણો અને અંકોને શીખી લઈને - સર્વ ગ્રંથો વાંચવા લાગ્યા. ધર્મપિતા પાસેથી એમણે શ્રીમદ્‌ ભાગવત, મહાભારત સાત ખંડોવાળું સ્કંદ પુરાણ, તથા ધર્મશાસ્ત્રોરૂપ અષ્ટદશ સ્મૃતિઓ સાંભળી, એટલું જ નહિ એનું મનન અને નિદિધ્યાસ કર્યો !

શ્રીહરિએ તે પછી પોતાની જ બુદ્ધિથી સાર-સાર ગ્રહણ કરીને પોતાને વાંચવા માટે જુદું જુદું લખવા લાગ્યા. શ્રીમદ્‌ ભાગવતમાંથી પંચમ અને દશમ સ્કંધ, સ્કંદ પુરાણમાંથી શ્રી વાસુદેવ માહાત્મ્ય, મહાભારતમાંથી શ્રીમદ્‌ ભગવત્‌ ગીતા વિદુરનીતિ અને વિષ્ણુ સહસ્ત્રનામ તથા ધર્મશાસ્ત્રમાંથી ઉત્તમ સારરૂપ યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ પ્રીતિથી જુદી લખી. પછી આ ચાર સાર જુદા લખીને પિતા ધર્મદેવને બતાવ્યા. ગહન શાસ્ત્રોમાંથી આટલી સુંદર અને સચોટ નોંધથી ધર્મપિતા ખૂબ પ્રભાવિત અને પ્રસન્ન થયા. એમણે પુત્રને ઉપદેશ આપ્યો કે, હે ઘનશ્યામ ! આજથી તમો દરરોજ કૃષ્ણ પૂજા કરી રહ્યા પછી આ ચાર સારનો નિત્ય પાઠ કરજો અને શ્રોતાઓ હોય તો કથા પણ કરજો."

શ્રીહરિએ તે દિવસથી આ ચારેય સારનો સૂક્ષ્મ પત્રવાળો અને સ્પષ્ટ-સુંદર પોતાના અક્ષરે લખેલો ગુટકો બનાવી હંમેશા પોતાની પાસે રાખ્યો.

આ ચાર સારના ગુટકાને સત્‌શાસ્ત્રોના સારની "ફલોપી" કહી શકાય. એ ફલોપીમાંથી જ શિક્ષાપત્રી તથા જ્ઞાનવાર્તાઓના સંગ્રહ સ્વરૂપ વચનામૃતની આપણને અદ્‌ભુત પ્રાપ્તિ થઈ છે.

પિતા ધર્મદેવની આજ્ઞા માથે ચઢાવીને ઘનશ્યામ મહારાજે કથાનું નિત્ય વ્યસન બનાવી દીધેલું ! જ્યારે જ્યારે વિચરણ કરતાં હોય ત્યારે પ્રાગજી પુરાણીને હંમેશા સાથે રાખે અને ચાલતાં ચાલતાં પણ કથા અચૂક કરાવે. એ અર્થમાં પ્રાગજી પુરાણી શ્રીહરિના મોબાઈલ કથાકાર હતા !

શાસ્ત્રનાં વચનને વિષે શ્રીહરિને અડગ શ્રધ્ધા હતી તેથી જ આશ્રિતજનોને પણ એ પ્રમાણે વર્તવાની શીખ આપતા.

"જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્રે કરીને જ થાય છે.... અને શાસ્ત્રે કરીને નિશ્ચય થાય છે એ જ અચળ રહેછે, માટે જેને શાસ્ત્રના વચનની પ્રતીતિ જ નથી એ તો કેવળ મનમુખી છે ને નાસ્તિક છે અને જો શાસ્ત્રની પ્રતીતિ હોય તો કોઈ કાળે પરમેશ્વરથી વિમુખ થાય જ નહિ. કાં જે શાસ્ત્રમાં તોઅનંત જાતનાં ભગવાનનાં ચરિત્ર છે. માટે પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે પણ શાસ્ત્રથી બારણે હોય જ નહિ. માટે જેને શાસ્ત્રનાં વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે અને તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહિ." (સારંગપુર ૧૩)

આમ, શાસ્ત્ર તો ભગવાનના સ્વરૂપનો નિશ્ચય દૃઢ કરવાનું, ઉત્તમ માધ્યમ તો છે પરંતુ કેવાં પ્રકારનાં શાસ્ત્ર વાંચવા અને સાંભળવાં ?

એ માટે શ્રીહરિએ "મન હોય ચંગા તો કથરોટમાં ગંગા" એ જગતની લોક વાયકાને ખોટી ઠેરવતાં કહ્યું છે કે, "ધર્મમાં રહેવું તથા ભગવાનના સ્વરૂપની ઉપાસના કરવી તથા ભગવાનના અવતાર ચરિત્રનું શ્રવણ-કીર્તન કરવું. તથા ભગવાનનું નામ સ્મરણ કરવું - એ ચાર વાનાં જ જીવના અતિશે કલ્યાણને અર્થે છે..... અને એ ચાર વાનાંની દૃઢતા થાય તેને અર્થે અમે શ્રીમદ્‌ ભાગવત આદિક આઠ ગ્રંથોનું અતિશે પ્રતિપાદન કર્યું છે. માટે એ ગ્રંથને સાંભળવા ને ભણવા ને એ ચાર વાનાની જ વાર્તા કરવી."

"અને મુક્તાનંદ સ્વામી આદિક સાધુનાં જે કાવ્ય, કીર્તન તે ગાવવાં ને

સાંભળવા તથા ભગવાનનાં અવતાર ચરિત્રે યુક્ત એવાં કાવ્ય કીર્તન બીજા કવિના હોય તો તેને પણ ગાવવાં ને સાંભળવા પણ કબીર ને અખાનાં જે કાવ્ય, કીર્તન હોય તથા એ જેવાં જેનાં જેનાં કાવ્ય કીર્તન હોય તેને ગાવવાં નહિ ને સાંભળવા પણ નહિ. ને હું તમને જેવી તેવી અવળી વાતે ચડાવી દઉં તો જેમ સર્વેને કૂવામાં નાંખીને ઉપરથી પાણાની શીલા ઢાંકે ત્યારે તેને નીકળવાની આશા જ નહિ, તેમ તમે પણ મારા વચનને વિશ્વાસે કરીને અવળે માર્ગે ચઢી જાઓ તો એમાં મારું શું સારું થાય ? માટે આ વાર્તા તમારા કલ્યાણની છે તે મેં તમને હેત કરીને કહી છે. તે સારું તમો સર્વે હવે આવી જ રીતે સમજીને દૃઢ પણે વર્તજ્યો.'' (ગઢડા મધ્ય-૩૫)

ક્યા શાસ્ત્ર વાંચવા-સાંભળવા ને ક્યા નહિ એ સુંદર વાત શ્રીપુરુષોત્તમ નારાયણે અતિ હેતે કરીને આપણને કરી છે.

શાસ્ત્રો વિષે આટલી છણાવટ કર્યા પછી શ્રીહરિ હવે ''સંપ્રદાયની પુષ્ટિ''ની વાત અદ્‌ભુત રીતે કરે છે. શ્રીજી મહારાજે પ્રશ્ન કર્યો કે ''જે જે આચાર્ય થયા છે તેના સંપ્રદાયની પુષ્ટિ ઘણાક કાળ સુધી શે ઉપાયે કરીને રહે છે ?'' પછી તેનો ઉત્તર કરતાં શ્રીહરિ સમજાવે છે કે, ''સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યા હોય અને જે જે આચરણ કર્યા હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મુકવા પર્યંતનાં ચરિત્ર - તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય, પણ તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે, પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે.... માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તે જ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે .... તેથી તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજ્યો, ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.'' (ગ.મ. ૫૮)

આપણા સંપ્રદાય સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે ક્યા ? તો શિક્ષાપત્રી, વચનામૃત તે શ્રીહરિનાં વાણી સ્વરૂપ શાસ્ત્ર છે. તો સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીહરિ ચરિત્રામૃત સાગર, અક્ષરાનંદસ્વામીની વાતો, બ્રહ્માનંદ કાવ્ય, પ્રેમાનંદ કાવ્ય, શ્રીહરિ દિગ્વિજય, આદિક શ્રીહરિનાં લીલા ચરિત્રોનું ગાન કરનારાં ''ચરિત્ર સભર શાસ્ત્રો'' છે.

સર્વોપરિ શ્રીહરિની વાણી તથા શાસ્ત્રની વિશેષતા એ છે કે એ સરળ તથા સમૃદ્ધ છે અને એનું શ્રવણ, મનન નિદિધ્યાસ કરવાનું નિત્ય વ્યસન જો કેળવીએ તો શ્રી સહજાનંદ સ્વરૂપનો યથાર્થ મહિમા તથા માહાત્મ્ય સહેજે સહેજે સાંભરી આવે એવાં એ દિવ્ય અને પાવનકારી છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે મુક્તાનંદ સ્વામીને કહ્યું છે કે, ''પરમ શાંતિનો સર્વોત્તમ ઉપાય અમારાં ચરિત્રો ગાવાં સાંભળવા તે જ છે.''

સર્વાવતારી શ્રીહરિનાં શાસ્ત્રોનો આટલો દિવ્ય અને સમૃદ્ધ ખજાનો જ્યારે ઉપલબ્ધ હોય ત્યારે અન્ય શાસ્ત્રોની ગડમથલમાં પડવાની જરૂર ખરી ? કેમ કે,

એ રસનાં ચાખણહાર
છાસ તે નવ પીવે રે લોલ !

શ્રી નરનારાયણદેવના નિજ મંદિરનો સેવા યજ્ઞ

સર્વ સત્સંગ સમાજને જણાવવાનું કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌ પ્રથમ બાથમાં લઈને પધરાવેલા પરમકૃપાળુ ભગવાન શ્રી નરનારાયણદેવનું સુંદર મંદિર સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ત્રણ શિખરનું સુંદર શ્રીહરિએ બતાવેલા નકશા પ્રમાણે બનાવ્યું છે.

આ ભવ્ય મંદિર નિર્માણને ૧૮૫ વર્ષ જેટલો સમય થયો જેથી તેમાં સમય સંજોગો અનુસાર જીર્ણોધ્ધાર કરવાનો વિચાર કરેલ છે. જેમાં સંપૂર્ણ મંદિરમાં ઘુમટ સહિત ફ્લોરીંગમાં સફેદ મારબલ લગાવવાની યોજના છે. અને મંદિરના ફરતા પ્લીંથને પણ નવીનતાથી મજબુત અને શિલ્પ પ્રમાણે સોમપુરાના શાસ્ત્ર પ્રમાણે નવેસરથી કામ થશે. આ અલભ્ય સેવાનો લાભ દરેક હરિભક્તોએ અવશ્ય લેવો. તેની રકમ કોઠારમાં જમા કરાવીને પાકી પાવતી મેળવી લેવી. વિશેષ વિગત માટે મહંત સ્વામીને રૂબરૂ મળવું

- લી. આજ્ઞાથી

સત્સંગ સૂરભિ :

"અમે સત્સંગ કર્યો છે, ચોરી નથી કરી !"

– અતુલ પોથીવાલા (અમદાવાદ)

ગામ સુંદરિયાણામાં હિમરાજ શાહ કરીને એક વૈષ્ણવ વણિક રહે. એમને ત્રણ દીકરાઓ - વનાશા, પૂજાશા અને જેઠાશા. ત્રણેય દીકરાઓને સ્વામિનારાયણ ભગવાનમાં આસ્થા અને શ્રધ્ધા પણ હિમરાજ શેઠ મહારાજને માને નહિ.

એકવાર એમના મોટા દીકરા વનાશાએ કહ્યું, "ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરવા જેવાં છે." "છટ્ હું એવા કોઈ સ્વામિનારાયણને ઓળખતો નથી." "ઓળખતા નથી એટલે તો કહું છું કે ઓળખો." પરંતુ હિમરાજ શેઠે દીકરાની વાત કાને ધરી નહિ. શેઠ પાછા વૈદકમાં પણ હોંશિયાર હતા. નાડી જોઈને રોગ પારખી કાઢે અને એની સચોટ દવા પણ આપે !

એવામાં એકવાર ગોપાળાનંદ સ્વામી સુંદરિયાણા ગામે પધાર્યા. એમની તબિયતમાં થોડી કસર હતી.

વનાશાએ પિતાજીને આવીને કહ્યું, "બાપા, ગોપાળાનંદ સ્વામીની તબિયત ઠીક નથી, તમે જરી જઈને તપાસી લેશો ?" દરદીને તપાસવાની વૈદથી ના કેમ કહેવાય ?

હિમરાજ શાહ ગોપાળાનંદ સ્વામીની ચિકિત્સા કરવા ગયા. નાડી જોવા એમનો હાથ પકડ્યો, પણ નાડી જડે જ નહિ ! પગે જોયું, ગળે જોયું. સાથળે જોયું પણ ક્યાંય નાડી જડે નહીં ! હિમરાજ શેઠે સ્વામીની સામે જોયું તો સ્વામી તો મરક મરક હસતા હતા ! ફરી શેઠે નાડી શોધવા પ્રયત્ન કર્યો પરંતુ નાડી મલે નહિ ! તેમને ખાતરી થઈ ગઈ આ કોઈ સાધારણ સાધુ નહીં પણ યોગી છે. ત્યાં તેમનું મન બોલ્યું, "શિષ્ય આવા છે તો એમના ગુરુ કેવા હશે ? મારે એમને જોવા છે."

આવો સંકલ્પ કરી હિમરાજ મહારાજનાં દર્શન કરવા ગયા. શ્રીજી મહારાજને જોતાં જ હિમરાજ શેઠનું હૃદય મહારાજ પ્રત્યે આકર્ષાયું. આવીને મહારાજને દંડવત કર્યા અને મહારાજ પાસેથી વર્તમાન ધારી સત્સંગી થયા. પછી તો હિમરાજ શેઠ અને એમનાં ત્રણેય દીકરાઓ સહિત સમગ્ર પરિવાર સહજાનંદ સ્વામીની સેવામાં લાગી ગયો.

એમની નાતવાળાઓને આ ગમ્યું નહિ. તેમણે શેઠને અનેક રીતે સતાવવા માંડ્યા. પરંતુ હિમરાજ તો હિમાલયની જેમ અડગ રહ્યા. કોઈ વાતે ડગ્યા નહિ. ત્રણેય દીકરાઓ તો બાપ કરતાં બેટા સવાયા. જેવા હતા.

આમ કેટલાક વરસ વીતી ગયા. એવામાં હિમરાજ શેઠ ધામમાં ગયા. એટલે શેઠના કારજનો પ્રસંગ આવ્યો. હવે નાતવાળા જોરમાં આવ્યા. તેમણે હિમરાજના દીકરાઓને કહ્યું, "સ્વામિનારાયણની કંઠી તોડી નાંખો તો અમે તમારે ત્યાં જમશું તે વિના નહિ !"

ત્રણેય દીકરાઓ મક્કમ હતા. એમણે જવાબમાં કહ્યું, "મછરાંની બીકે શું કોઈ મહેલ છોડી દેશે ?"

આ સાંભળી નાતીલાઓ તો ખૂબ ચિડાયા, પણ હિમરાજના દીકરાઓની સત્સંગ પ્રત્યેની શૂરવીરતા એમણે જોઈ લીધી હતી. કોઈ રીતે એમને જરાક પણ નમાવી શકાય તો પોતાનું નાકનું ટેરવું ઊંચું રહી શકે ! એટલે નાતવાળાઓએ કહ્યું : "તો એમ કરો, કારજ પતી જાય ત્યાં સુધી તમે કંઠી કાઢી નાંખો - પછી પહેરી લેજો !"

"એ તો નહીં બને, એ તો ધર્મની મશ્કરી કરી કહેવાય !"

"તો એમ કરો - નાત જમી રહે તેટલીવાર તમે ત્રણે ભાઈઓ કોઈ દેખે નહિ એમ ઘરમાં ભરાઈ રહો !"

ત્રણે ભાઈઓએ એ વાતનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. કહે : "અમે શા માટે છૂપાઈ રહીએ ? અમે સત્સંગ કર્યો છે, ચોરી નથી કરી !"

નાતીલાઓ ખૂબ ઉશ્કેરાયા. એમણે ગામે ગામે પત્રો લખી નાખ્યા કે હિમરાજના કારજમાં જે જમવા જશે તે નાત બહાર !

હિમરાજના દીકરાઓ વનાશા, પૂજાશા અને જેઠાશા ત્રણે ભેગા થયા. ત્રણેયે એકબીજાને કહ્યું કે જે ઢચૂપચૂ હોય તે નાતમાં ખુશીથી રહે ! પણ ત્રણેમાં એકેય કાચોપોચો નહોતો. શિર

સાટે સત્સંગ રાખે એવો હતો. તેમણે તેના દીકરાઓને બોલાવી પૂછી જોયું પરંતુ દીકરાઓ તો બાપથી યે સવાયા હતા.

"પિતાજી ભલે નાત બહાર જવું પડે પણ આ સત્સંગ નો સાથ છોડવો નથી !"

પછી પરિવારે વિચાર કરી મહારાજને એક પત્ર લખ્યો અને સમગ્ર વિગત જણાવી મહારાજને સુંદરિયાણા પધારવા નિમંત્રણ મોકલ્યું.

"હે મહારાજ ! હવે અમારી લાજ તમારા હાથમાં છે. નાત બહાર રહેવાનો રંજ નથી પરંતુ આપ અને સંતો પધારી અમારી રસોઈ જમશો તો અમારા પિતાજી ના આત્માને આનંદ થશે !

અને મહારાજે હિમરાજ-પરિવારની લાજ રાખી. નાતની કે જગતની પરવા કર્યા વિના એમણે સત્સંગની શાન રાખી એ જાણી મહારાજ ખૂબ રાજી થયા. મહારાજ સંતો-હરિભક્તો સાથે સુંદરિયાણા પધાર્યા. ત્રણે ભાઈઓના આનંદનો પાર ન રહ્યો ! એમણે નીત નવી રસોઈ કરી મહારાજ તથા સૌ સંતો હરિભક્તો ને જમાડ્યા.

આખી વણિક નાત આવું કારજ જોઈ ચકિત થઈ ગઈ ! આ હિમરાજના નવા નાતીલાઓ એ તો રંગ રાખ્યો. એમાંય પેલા એમના વડા સહજાનંદ સ્વામી તો કેવાં દીસે છે ! એ પ્રસન્ન મૂર્તિ મહારાજને જોઈએ પછી બીજે જોવાનું મન થતું નથી એવાં એ મનોહર છે ! આખી નાત આમ વાતો કરવા લાગી !

મહારાજ પોતે સંતોને આગ્રહ કરી પીરસતા. આમ એક બે નહિ પણ પૂરા પાંચ દિવસ મહારાજ ત્યાં રોકાયા. હિમરાજનાં દીકરાઓ મહારાજની કરુણા નિહાળી ખૂબ ભાવુક બની ગયા ! "મહારાજે આજે અમારા નાતીલા બની જઈ અમારી લાજ રાખી !" વાહ મહારાજ ! જે તમારો થઈને રહે એને ક્યારેય દુઃખી થવાનો વારો ન આવે !"

આમ હિમરાજના દીકરાઓએ પિતાની પરંપરા જાળવી. નાત બહાર થવાનું તેમણે પસંદ કર્યું પણ કંઠી ઉતારી નહિ ! શિક્ષાપત્રીનું વચન છે.

"અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી" એ વચન દુઃખી વેઠીને પણ એમણે પાળી બતાવ્યું. કારણ એમણે સત્સંગ કર્યો હતો - એમાં કોઈ વાતે કસર રહેવા દીધી નહોતી !

(અનુ. પેઈજ ૧૨ નું) ....

પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની સ્વ આશ્રિત પરત્વે અજોડ અનુકંપા

આશીર્વાદ માટે એક પત્ર મહારાજશ્રીને પાઠવું છું. તેઓ યાદ રાખીને આશીર્વાદનો ફોન અચૂક કરતા રહે છે.

તાજેતરમાં પ્રસંગોપાત પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી ના દર્શને અમો ગયા. મને એવો ખ્યાલ હતો કે મારા ત્રણ પુત્રોને મહારાજશ્રી નહિ ઓળખતા હોય. દંડવત કરી રહેલા કે તરત જ રાખો, રાખો કહીને તેઓશ્રી મને કહે, "સૂર્યકાંતભાઈ, આજે તો તમો ત્રણે પુત્રો સાથે આવ્યા છો. તેઓશ્રીને સાંભળીને મેં આનંદ અનુભવ્યો. અમે તેઓશ્રીની સાથે સત્સંગ વિષયક વાતો કરતા રહ્યા.

મેં કહ્યું, "અમદાવાદથી કચ્છ સુધીની મુસાફરી ઘણી લાંબી છે. રસ્તાઓ પણ સારા નથી. આપશ્રી તો અનેક વખત કચ્છના ગામડામાં અને શહેરોમાં સમૈયામાં પધારી અમોને દર્શનનો લાભ આપો છો. પરંતુ વાસ્તવમાં ક્યારેક થાક પણ લાગી જતો હશે કે બિમારી આવી જતી હશે.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કહે, "જુઓ, અમારે બિમાર પડવું પરવડે જ નહિ. તેથી શરીર સ્વાસ્થ્ય જાળવવું જ રહ્યું અને તે માટે આપણે યોગાસનોનો આશ્રય લઈએ તો શરીરની તકલીફોથી દૂર રહેવાય. દરેક વખતે આવતા હોઈએ અને બિમારીને કારણે ન આવી શકાય તો ભક્તજનો કે જેઓ સૌ અમોને અપાર આદર તથા સ્નેહ બક્ષી રહ્યા છે તેઓને કેવું લાગે ? મહારાજશ્રીની આશ્રિતજનો પ્રત્યેની અનુકંપાના આ વાક્યમાં જ દર્શન થયા.

ઈ.સ. ૧૯૬૯ માં પૂજ્યધ્યાની સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજી સ્વામી ભુજમાં પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના દર્શને લઈ ગયેલા. એ શુભ પ્રસંગ આજે પણ યાદ આવે છે. ત્યારબાદ પૂજ્ય મહારાજશ્રીને ક્યા સંબોધનો દ્વારા પત્ર લખવો તે સમજાવેલું. આપણા "શ્રી સ્વામિનારાયણ" માસિકમાં લેખ મોકલવા માટે, આજીવન સભ્યોની નોંધણી માટે પૂ. ધ્યાની સ્વામીજીની જહેમતને બિરદાવતા પૂજ્ય મોટા મહારાજશ્રીના પત્રો મારૂં સુખદ સંભારણું છે.

સત્સંગ લાવણ્યવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સંપત્તિને લાત મારે એ સંત બની શકે

– શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બ્રહ્મરસના ભોગી, એ રસના સ્વાદને ચાખવા માટે, કીડી જેમ ગોળ સુધી પહોંચવા માટે વચ્ચે આવતા તમામ અંતરાયોને દૂર કરીને પણ નક્કી કરેલ જગ્યાએ પહોંચી જાય છેતે જ રીતે આ ઓલીયા પગલે પગલે ભવ સાગરના પથને ટૂંકો કરતા હોય તેમ રસ્તામાં આવતાં વિઘ્નોને એક પછી એક ટાળતા ટાળતા મક્કમ મનોબળ સાથે આગળ વધી રહ્યાં છે. ભૂખ કે તરસ, ટાઢ કે તડકો કોઈ જાતની દેહની પરવા કર્યા સિવાય ચાલ્યા જાય છે. અંધારૂ થવા આવ્યું. ક્યાંક રાતવાસો કરવો પડશે એ વિચારે જ્યાં સામે નજર કરો તો કોઈ આશ્રમ દેખાયો. એટલે ત્યાં આવી પહોંચ્યા. એમાં રાતવાસો કર્યો તો એ આશ્રમના મઠાધિશ ગૃહસ્થ હતા અને આખા ગામના માલિક હતા. પહેલાના જમાનામાં રાજા-મહારાજઓ રાજી થાય તો કોઈ આશ્રમને, કોઈ મહાત્માને આખું ગામ આપી દેતા.

આ કોઈ મઠાધિશ એ ગામના માલિક હતા અને જોગાનું જોગ આ મહંતજી ત્યાં ગયા, રાતવાસો કર્યો. મઠાધિશે જોયું કે માણસ સજ્જન છે, સારો છે. શરીર અને આભા જોઈ ઓળખી ગયા અને વિચારવા લાગ્યા. "જો આ માની જાય તો ઉંમર લાયક થયેલી મારી દીકરી આને પરણાવું." અને રજુઆત કરી, શા માટે અહીં-તહીં ભટકો છો ? હું મઠાધિશ છું. આ આખા ગામનો માલિક છું. અને આ મારી દીકરી યોગ્ય ઉમંરની થઈ છે તમે જો હા પાડતા હો તો મારે બીજો કોઈ મુરતિયો શોધવા જવું નથી. તમે 'હા' પાડો તેટલી જ વાર. આ બધું તમારૂં. મહંતજી વિચારવા લાગ્યા. આવી મોટી ઉપાધિ ક્યાંથી આવી ! તેમણે કહ્યું, ના હોં. ત્યાં તો પેલા મઠાધિશ કહેવાં લાગ્યો, "આ ગામનો માલિક હું છું. અહીં મારી સત્તા ચાલે છે. તમારે માનવું જ પડશે. નહીં માનો તો હમણાં જ ગોરને બોલાવી બળજબરીથી આંટા ફેરવાવી દઈશ. વાત તો એટલી જ છે ને ! ના શાનાં પાડો છો ?

આ મઠાધિશે નિશાન ડંકા ઉપર ટકોરો માર્યો એટલે એક જણ હાજર થયો. "હુકમ માલિક" આ મહંતજીને પુરી દો. મહંતજીને તે માણસ પકડીને લઈ ગયો અને એક ઓરડામાં પુરી દીધા. રાત્રિ પડી, બધા સૂઈ ગયા એટલે મહંતજી ધીરેથી બહાર નીકળ્યા અને ચોકીદારને કહેવા લાગ્યા, "જો ભાઈ તું દરવાજો ખોલે તો હું જતો રહું, તને મારી આટલી આજીજી... વિનંતી છે." ચોકીદાર કહે છે, "તમારી લાગણી હું સમજી શકું છું. પણ જો દરવાજો ખોલું તો મારી નોકરી તો જાય પણ જીવથી પણ જાઉં. સતા એમની છે." ત્યારે મહતંજીએ કહ્યું, "મારે ભાગવું છે, હું શું કરું ?" ત્યારે ચોકીદારે રસ્તો બતાવતા વાત કરી, એક કામ કરો - "તમને પૂર્યા છે એની પાછળ દિવાલે એક સંડાસ છે. સંડાસની પાછલી બારી સાવ સડેલી છે. થોડોક ધક્કો મારતાં જ પડી જાય એવી છે. ત્યાંથી ભાગી જાવ. એટલે તમારો ધ્યેય પણ સલામત અને હું પણ સલામત."

મહંતજી તો દિવાલની પાછલી બાજુ ગયા. સંડાસમાં જઈને બારીને ધક્કો માર્યો. બારી હેઠી પડી, અને ત્યાંથી ભાગી નીકળ્યા.

ફરતાં ફરતાં સ્વામિનારાયણ ભગવાન ક્યાં છે ? પૂછતાં પૂછતાં ગુજરાતમાં આવ્યા, અને જ્યાં મહારાજ વિચરણ કરતાં હતાં ત્યાં પહોંચી ગયા. મહારાજની મૂર્તિ જોતા જ આંખો ગદ્‌ગદિત થઈ ! ચરણે વેગ પકડ્યો અને મહારાજના ચરણમાં હાથમાંથી લાકડી પડે તેમ પડ્યા અને ચરણ પકડી આંસુઓથી ચરણને પ્રક્ષાલન કર્યું. ચરણમાં પડતાં વેંત સમાધિ થઈ ગઈ, સ્વામિનારાયણ ભગવાને ભરી સભામાં મહંતજીની વાત કરી. આ કોણ છે ? ઓળખો છો ? માયાને જીતીને આવ્યા છે. માયા જીતવી એ સૌથી કપરૂં કામ છે, એને મોટા ભવ-બ્રહ્માદિક પણ નથી જીતી શક્યા !

"માયા સબસે બડી ધુતારી" એને કોઈ જીતી ન શકે. કોઈને કોઈ સ્વરૂપ ધારણ કરીને માયા આવે જ અને નડ્યા વગર ન રહે.

"तपसी को तेजी दुर न जावे ।
क्रोध रुप रहे भेळी ।।"

જો કોઈ તપસ્વી તપ તપતો હોય તો ક્રોધ રૂપે, ગુસ્સાના રૂપે તેની ભેળી આવી જ જાય, પણ માયા છૂટે નહીં. જ્યારે આ મહંતજી સત્તા, સંપત્તિને લાત મારી ભાગી આવ્યા. રસ્તામાં પણ કેટલાંયે પ્રલોભનો આવ્યાં એ બધાને તરછોડીને અહીં આવ્યા છે. પછી કેટલોક સમય મહારાજ પાસે રહ્યા. મહારાજે તેમને દીક્ષા આપી અને "ગોવિંદાનંદ સ્વામી" નામ અર્પણ કર્યું. પછી સ્વામિનારાયણ ભગવાને જેતલપુરમાં આનંદ સ્વામીની પાસે રહેવા આજ્ઞા કરી. કારણ કે આનંદ સ્વામી પણ દીક્ષા પહેલાં એ બાજુથી જ એટલે કે અયોધ્યા બાજુથી આવેલા તેથી તે બન્નેને સારૂં બનશે સારૂં ફાવશે. કારણ કે બન્નેએ સરયું નું જ પાણી પીધેલું ! એટલે સ્વામીને આનંદ સ્વામીની સાથે રાખ્યા. ગોવિંદાનંદ સ્વામી જેતલપુર તથા અમદાવાદની આજુબાજુના વિસ્તારમાં વિચરણ કરતા અને સત્સંગ કરાવતા, મંદિરો કરાવતા.

દીવો દેખીને ઝંપલાવી દેનાર પતંગીયા જેવા જીવ ક્યાં ! અને ગમે તેવી સત્તા અને સંપત્તિને તરછોડીને, લાત મારીને ચાલી નીકળનાર મહાન આત્મા ક્યાં !

એટલે જ મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે -

જી રે મહિમા મોટો છે મહંતનો,
જેને સેવે રે છૂટે માયાનું જાળ,
પ્રીત વધે પરબ્રહ્મમાં,
મુક્તાનંદ કહે રે, તજી આળ
પંપાળ.... સંત

આવા મહાન વિભૂતિ મહાત્માઓના ચરણમાં કોટી કોટી વંદન, "वंदे महापुरुषते चरणारविंदम्"

●

મૃત્યુ સ્વીકારવું સહેલું નથી

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

જગત સ્વાર્થી હોય છે. જ્યારે કોઈને અતિ દુઃખ આવી પડે ત્યારે બધા જ તેને તરછોડી દે છે. આપણા સંતો દ્રષ્ટાંત આપે છે. એક વૃદ્ધ માજી હતા. તેમને સંતાન રૂપે એક દીકરો ભગવાને આપેલો. દીકરો યુવાન હતો. ડોશીમાં માટે વૃદ્ધાશ્રમમાં લાકડીના ટેકારૂપ હતો. કારણ કે ખૂબ લાડકોડ અને સંસ્કાર વરસાવ્યા હતા. પણ શું થાય ? સમય સમયનું કામ કરતો જાય છે. પરિસ્થિતિઓ બદલાતી જાય છે. તેમ તેમ સારા કે વિપરીત સંજોગો થયા કરે છે. બનાવ એવો બન્યો કે આ ડોશીમાના દીકરાને માંદગી વળગી. ભયંકર માંદગી હોવાથી કેટકેટલીએ દવાઓ કરાવી. અનેક ઉપચાર કર્યા. પરંતુ દીકરો સાજો થાય તેવા કોઈ લક્ષણ દેખાતા ન હતા. આમને આમ એક વર્ષ વીતી ગયું. ડોકટરો, વૈદ્યો બધા હારી ગયેલા. ડોશીમાં એ મનમાં વિચારી લીધું કે મારો પુત્ર હવે નહિ બચે.આજ જાય કે કાલ જાય. હવે તો જલ્દી જાય એ જ સારું કારણ કે હવેએ કંઈ કામ કરી શકે એવો નથી. કમાઈને લાવી શકે એ વાત બને તેમ નથી. માટે હવે જાય તે જ સારું.

આ માજીએ કથાઓમાં સાંભળેલું કે જમરાજા જીવને લેવા આવે ત્યારે પાડા ઉપર બેસીને જ આવે છે. એટલે હવે મારા દીકરાને પણ જમરાજા પાડા ઉપર બેસીને લેવા આવશે. જ્યાં સુધી દીકરો સેવા કરી શકે તેવો હતો ત્યાં સુધી સારો લાગ્યો. કમાઈને લાવતો હતો ત્યારે સોનાનો હતો પણ હવે આ ડોશીમાને ભારરૂપ લાગવા માંડ્યો. પોતે સાવ ખખડી ગયેલાં પણ પ્રાર્થના ભગવાનને રોજ એમ કરે કે ભગવાન હવે મારા દીકરાને જલ્દી બોલાવી લે. આ ડોશીમાને મન એમ થતું કે હવે આજ જાય કે કાલ. તેવામાં એક રાત્રીએ ડોશીમાં ઓસરીમાં સૂતાં હતાં તેમનો બિમાર દીકરો અંદર ઓરડીમાં સૂતો હતો. તેવામાં બાજુના ઘરે આંગણામાં બાંધેલી ભેંસ એના ખીલેથી છૂટી પડી ગઈ. ભેંસ આ ડોશીમાના ખાટલે આવીને માથું ઘસવા લાગી. ખાટલો હલ્યો એટલે ડોશીમાં જાગી ગયા અને ગભરાઈ ગયાં. ભેંસને જોતા જ ચીસ પાડી અને બોલવા માંડ્યા કે જમરાજ ! હું તો સાજી નરવી છું. માંદાનો ખાટલો તો માંયલી કોર છે અંદર ઓરડીમાં છે.

સંસારની સગાઈ આવી સ્વાર્થ પૂર્ણ છે. એટલે વિષમ વેળાએ જ્યારે સ્વાર્થ તૂટે ત્યારે કોઈ કોઈનું હોતું નથી. માટે જ સ.ગુ. દેવાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે કે,

માતપિતા સુત નારી,
સ્વાર્થીઆ સંસારી ભારી,
અંતકાળે ઉઠી જાવે રે,
મરવાને ટાણે.

પરંતુ આ વાત જગતના જીવો સમજી શકતા નથી. કારણ કે સંત સમાગમનો લ્હાવો તેમને મળતો નથી. સંત સમાગમ વિના આ જ્ઞાન મળતું નથી.

(અનુસંધાન પેઈજ ૨૨ પર)

।। ભક્તિસુધા ।।

એકાદશીની રાત્રી જાગરણ સભા

- સાં.યો. મંજુબા, ભારતીબા
ગુરુ સાં. ગોદાવરીબા (હવેલી)
અમદાવાદ

વ્હાલા સત્સંગી બહેનો તમો જાણો છો કે પૂ. ગાદીવાળાશ્રીની હવેલીમાં પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી દર એકાદશીના દિવસે બપોરે ૨-૦૦ થી ૪-૦૦ શ્રી નરનારાયણદેવ યુવતી મહિલા મંડળની સત્સંગ સભા ચાલે છે. તેને ચૈત્ર સુદ એકાદશીના દિવસે એક વર્ષ પુરુ થતા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તેને વિશેષરૂપે ઉજવવવા ગાદીવાળાશ્રીની પ્રેરણા માર્ગ દર્શન મુજબ એકાદશીની રાત્રે ૧૦-૦૦ વાગ્યાથી સવારના ૪-૦૦ વાગ્યા સુધી રાત્રી સભાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના નારાયણઘાટ, નારાયણપુરા, રાણીપ, જીવરાજપાર્ક, મેમનગર, વાડજ, મહાદેવનગર, મેઘાણીનગર, બાપુનગર એમ દરેક વિસ્તારના સત્સંગી બહેનો અને મહિલા મંડળે આવી ને આખી રાત્રી જાગરણ કર્યું હતું. અને સભાને સુંદર રૂપ આપ્યું હતું. જેમાં સાંખ્યયોગી બહેનોએ કથા, કીર્તન, ધૂન અને રાસ ગરબાનો પ્રોગ્રામ કર્યો હતો.

આ સભાનો વિશેષ આનંદ એ હતો કે જે આનંદ જીંદગીમાં કોઈ સત્સંગની સભામાં કોઈને મળ્યો નહિ હોય ! કોઈ દિવસ જોયો નહિ હોય ! એ આનંદ ભક્તોના સુંદર ભવિષ્યનો હતો. એ આનંદના કારણે એ રાત્રી જાણે શરદ પૂનમનો ચંદ્ર જાણે સોળે કળાએ ખીલ્યો હોય એવી શોભી રહી હતી ! તે આનંદના કારણે ૬૦૦ બહેનો સભામાં બેઠેલા હતા. પણ કોઈ પણ બહેનોની પાપણ મટકું મારવા તૈયાર ન હતી ! જે આનંદના કારણે તમામ બહેનો ઈચ્છા કરી રહ્યા હતા કે જેમ શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓની સાથે રાસ રમ્યા હતા. અને છ મહિનાની રાત્રી થઈ હતી તો પણ ગોપીઓને ખબર નહોતી પડી કે છ મહિના રાત્રીનો સમય કેવી રીતે પસાર થઈ ગયો. એવી રીતે તમામ બહેનોના અંતરમાં એ આનંદના કારણે અંતરમાંથી આનંદના ઉછાળા અને મનના મોજા ઉછળી રહ્યા હતા અને મનોમન કહી રહ્યા હતા કે આ રાત્રી છ મહિનાની થઈ જાય તો જેવો આનંદ ગોપીઓને શ્રીકૃષ્ણ પરમાત્મા સાથે છ મહિનાની રાત્રી સુધી મળ્યો હતો તેથી પણ વધારે આનંદ આપણને મળે તેવો તમામ બહેનોના હૃદયમાંથી જાણે અવાજ આવી રહ્યો હોય એવો એ સભામાં ભાસ થઈ રહ્યાં હતો. જે આનંદ ક્યા શબ્દમાં લખવો એના માટે કલમ પણ અટકી જાય છે ! જે દુર્લભમાં દુર્લભ આનંદ એ હતો કે **પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી રાત્રીના ૧૧-૦૦ વાગ્યાથી સવારના ૪-૦૦ વાગ્યા સુધી એ દિવ્ય સભામાં વિરાજમાન હતા. સર્વેની સમક્ષ જાણે લક્ષ્મીજી સોળે શણગાર સજી બેઠા હોય તેવા સાક્ષાત્ સર્વેને દર્શન થઈ રહ્યા હતા.** તેમની ઉપસ્થિતિ જાણે રાત્રીના અંધકારમાં હીરો જેમ ચમકે તેમ તેમના અલૌકિક તેજથી રાત્રીનો અંધકાર દૂર થઈ પ્રકાશ ફેલાયો હતો. સર્વે બહેનોના અંતરમાં પ્રકાશ છવાઈ ગયો હતો. ગાદીવાળાશ્રીએ સમસ્ત સભાને આશીર્વાદ આપ્યા ત્યારે તો જાણે બહેનો નિર્મળ રાત્રીમાં જાણે ચંદ્રમાં સામુ ચકોર પક્ષી જોઈ રહે અને ચંદ્રની શીતળતાનો આનંદ લૂંટે એવી જ રીતે બહેનોએ મન ભરીને તે આનંદને લૂંટ્યો હતો. પ.પૂ.શ્રી ગાદીવાળાશ્રીના મુખમાંથી નીકળતી મીઠી મીઠી વાણી વહી રહી હતી અને બધા બહેનો તે વાણીને સાંભળી અને આનંદના ઉલ્લાસથી અને અંતરના ઉમળકા સાથે તાળીઓના ગડગડાટથી વધાવી રહ્યા હતા.

પ.પૂ. ગાદીવાળાશ્રીએ આશીર્વાદ આપતા સર્વને કહ્યું કે "તમને સર્વેને ખૂબ ખૂબ ધન્યવાદ. તમોએ અહીંયા આખી રાત્રી પ્રભુના સ્મરણમાં વિતાવી. જેમ માણસ સવારથી સાંજ કામ ધંધો નોકરી કરવા જતા હોય પણ તેને સાંજ થતા એમ થાય કે જલ્દી ઘેર પહોંચી જઈએ. એમ આપણને ભગવાને અહીં પૃથ્વીલોકમાં મોકલ્યા છે તો ખ્યાલ રાખવો કે આપણે ભગવાન પાસે જવું છે. અને

તે અક્ષરધામમાં પહોંચવા માટે ભજન ભક્તિ સિવાય કાંઈ જ નથી, તમે આજે જેવી રીતે અહીં આવ્યા અને આખી રાત્રી જાગ્યા છો પણ અમે તો તમારે માટે તમે કહેશો એટલી રાત દિવસ જાગવા માટે તૈયાર છીએ. તમે સૌ આ સત્સંગ સભામાં આવો, આપણે બધા શ્રી નરનારાયણદેવના છીએ. સાચો સત્સંગ એજ આપણો ધર્મ છે. માટે બધા દૃઢ નિષ્ઠા રાખી આવોને આવો સત્સંગમાં લાભ લેતા રહેજો. અને બધા દર એકાદશીના દિવસે સભામાં આવજો. અને અમને પણ એવી કાયમ ઈચ્છા રહે છે કે બસ આ સત્સંગને દિન પ્રતિદિન વિશેષ ને વિશેષ પ્રવતાવવો છે. આજે અમને પણ ખૂબ ખૂબ આનંદ થયો છે. આજના દિવસે શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કે તમોને ખૂબ સત્સંગનું અને ભક્તિનું બળ શ્રી નરનારાયણદેવ આપે અને ખૂબ ખૂબ સુખીયા કરે.” આવી રીતે પૂ. ગાદીવાળાશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આવા દિવ્ય અલૌકિક આશીર્વાદના બળથી ક્યારે ચાર વાગી ગયા તેની કોઈને ખબર પણ ન પડી.

●

આપણા પૂ. ગાદીવાળાશ્રી

- લક્ષ્મીબેન

આપણી હવેલીમાં એકાદશીની સભા બંધ હતી પણ છેલ્લા એક વરસથી પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને આપણા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી સભા ચાલુ કરી છે. ૨૯-૪-૨૦૦૭ના દિવસે એકાદશીની સભાને એક વર્ષ પૂર્ણ થતા એ દિવસે ગાદીવાળાશ્રીએ હવેલીમાં રાત્રી જાગરણ કરાવ્યું હતું અને પોતે પણ રાત્રે ૧૧-૦૦ વાગ્યાથી લઈને સવારે ૪-૦૦ વાગ્યાં સુધી બિરાજમાન હતા. અને સર્વે સત્સંગી બહેનોને ખૂબજ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું હતું.

“આપણે સત્સંગમાં જાગૃતિ લાવવાની જરૂરી છે. અને એના માટે સર્વે સત્સંગી બહેનોનો સાથ અને સહકાર જોઈએ અને તમારા માટે હું તમે કહો એટલી રાત્રી જાગરણ કરવા તૈયાર છું.”

જ્યારે આપણા પૂ. ગાદીવાળાશ્રી આટલી મહેનત કરે છે તો આપણી પણ ફરજ છે કે એમને તન, મન, ધનથી સાથ આપીએ.

ખરેખર આપણે ધન્યભાગી છીએ કે આપણને આવા ગાદીવાળાશ્રી ગુરુ તરીકે મળ્યા છે. આપણને એક ઘરની જવાબદારી ભારે પડે છે. પણ ગાદીવાળાશ્રી તો પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. શ્રીરાજા અને ઘરની તમામ જવાબદારી અને સત્સંગની જવાબદારી પુરા તન, મનથી નિભાવે છે.

હવેલીમાં જ્યારે પણ દર્શન માટે જઈએ તો દરેક બહેનોને હસતાં હસતાં મળે છે. અને કોઈ પણ ઉંમરલાયક બહેન પગે લાગતા હોય તો પોતે બહેનનો હાથ પકડી વાંકા વળીને પગે લાગવાની ના પાડે છે. આવા આપણા સૌના ગાદીવાળા સૌમ્ય અને નિર્માની-નિરાભિમાની એવા અનેક ગુણોના ભંડાર છે. જો કે આ તો સ્વયં ભગવાનનું કુળ છે. તેમાં શું કહેવાનું હોય.

હું ઘણા વરસોથી મંદિર આવું છું. પણ હજી સુધી મને એવો અનુભવ છે કે જેટલી સર્વોપરિ શ્રીજી મહારાજના અને ગાદીવાળાશ્રીના દર્શનથી સંતુષ્ટ થઈ હોય તેટલી સંતુષ્ટ ક્યાંય નથી થઈ. મેં એકવાર એમને પૂછયું આપને કોઈ નાના ગાદીવાળાશ્રી કહેછે તો આપને ખોટું નથી લાગતું ? ત્યારે એ હસતાં હસતાં બોલ્યા કે, “નામ-ધન અને મોટપ એ આપણી સાથે નથી આવવાનું. પણ મહત્વની વસ્તુ નિર્માનીપણું છે. આપણે અહંકારથી જેટલાં દૂર રહીશું એટલાં ભગવાનનાં નજીક રહેશું, માણસ ગમે તેટલી મોટપ પામી લે પણ ભગવાનથી મોટું કોઈ નથી થઈ શકતું અને થવાનાં પણ નથી.”

આવું નિર્માનીપણું મેં ક્યાંય નથી જોયું. શ્રી નરનારાયણદેવના ચરણોમાં એજ પ્રાર્થના છે કે પૂ. ગાદીવાળાશ્રી સત્સંગને આવું ને આવું અલૌકિક સુખ અહર્નિશ આપતા રહે. કેમ કે આપણને સૌને દૃઢ નિશ્ચય અને વિશ્વાસ છે તેઓ સત્સંગની ખૂબ ખૂબ પ્રગતિ કરવાના છે.

●

શિર સાટે નટવરને વરીએ

- તરલાબેન અતુલભાઇ પોથીવાલા

લાધીબાઈ કચ્છ ભુજનાં હરિભક્ત બાઈ, મૂળ એ રામાનંદ સ્વામીનાં શિષ્યા હતાં. મહારાજ એક વાર ભૂજ પધાર્યા ત્યારે લાધીબાઈને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. લાધીબાઈ કહે, : “હું તો રામાનંદ સ્વામીની શિષ્યા છું ને એમને મનમાં રાખી રહી છું એટલે બીજા કોઈને

મળવાની મારે જરૂર નથી.''

સામે મહારાજે કહેવડાવ્યું : ''તમે રામાનંદ સ્વામીની શિષ્યા અને અમેય રામાનંદ સ્વામીના શિષ્ય ! તમારા ગુરુભાઈ ખરા કે નહિ ?'' લાધીબાઈને થયું ''સહજાનંદ સ્વામી મારા ગુરુભાઈ તો ખરા !'' આમ એ મહારાજને મળવા આવ્યાં. મહારાજ સુંદરજીના ઘરે વિરાજમાન હતા. મહારાજે મીઠો આવકારો આપ્યો : ''આવો લાધીબાઈ !'' અને પોતાના આ ગુરુભાઈનાં પહેલાં જ દર્શને લાધીબાઈનું ચિત્ત મહારાજ પ્રત્યે ઢળ્યું !

ઘરે આવ્યા પછી બસ સ્વામી સહજાનંદની માધુરી મૂર્તિ અંતરમાંથી ખસે નહિ ! એમ કેટલાક દિવસ ગયા.

પછી એકવાર લાધીબાઈએ મહારાજને આમંત્રણ આપ્યું : ''ભાઈ, આજ મારે ત્યાં જમવા પધારો !'' મહારાજે કહ્યું : ''અમે તો રોટલોને મરચાંનો ગોળો જમીશું !'' લાધીબાઈ કહે ''ભલે મહારાજ !''

મહારાજ લાધીબાઈને ત્યાં જમવા પધાર્યા. લાધીબાઈએ પહેલાં તો રોટલો ને મરચાંનો ગોળો પીરસ્યો. પછી અંદર જઈને શીરાપુરીનો થાળ લઈ આવ્યાં ને રોટલો મરચું લઈ લીધાં. મહારાજને અતિ હેતે કહેવાં લાગ્યાં : ''આ બહેનનું ઘર છે એ કેમ ભૂલી જાઓ છો ? શું હું પહેલીવાર આવેલા મારા ભાઈને રોટલો મરચું જમાડીશ ?''

મહારાજ બાઈનો ભગીની સ્નેહ જોઈ વારી ગયાં ને પ્રેમથી શીરોપૂરી આરોગવા લાગ્યા.

લાધીબાઈ મહારાજ સન્મુખ હાથ જોડીને બેઠાં ને ''ભાઈ'' સામે જોઈ રહ્યાં. જોતાં જોતાં સમાધિ થઈ ગઈ. ઓ હો હો હો ! શું દિવ્ય લોક છે ! શું તેજ છે ! દિવ્ય સિંહાસન પર ભગવાન બિરાજ્યા છે ! અરે, આ તો ''ભાઈ'' ! મોટા મોટા દેવો એમની સેવામાં ઊભા છે ! શું એમનું ઐશ્વર્ય છે ! સિંહાસન પર બિરાજ્યા છે ને મારા ઘરમાં ભોજન કરી રહ્યાં છે બેઉ એક જ છે !''

લાધીબાઈ સમાધિમાંથી જાગ્યાં, એમની આંખો ઊઘડી ગઈ. ત્યાં મહારાજે હસીને કહ્યું : ''શિરો લાવો !''

લાધીબાઈના પગમાં હવે બમણું જોર આવ્યું. એમણે હોંશે હોંશે મહારાજને શીરો પીરસ્યો. મનમાં બોલ્યા : ''હવે હું તમને ઓળખી ગઈ છું ! હવે હું તમારી આજ્ઞા કદિ નહીં ઉથાપું ! તમે પાંચ ખાસડાં મારોને તો ય હું તમારી દયા સમજીશ !''

અને થોડા વખતમાં એમની પરીક્ષાની ઘડી આવી પહોંચી !

એકવાર મહારાજે લાધીબાઈને કહ્યું : ''લાધીબાઈ ! અમારી આજ્ઞા માનશો ?''

લાધીબાઈએ કહ્યું : ''શિર સાટે !''

મહારાજ કહે : ''શિર કરતાં પ્રતિષ્ઠા મોટી છે !''

લાધીબાઈ કહે : ''તો પ્રતિષ્ઠા સાટે !''

મહારાજ કહે : ''વારૂ તો ચૂડી ચાંલ્લો કરી, લાલ ઓઢણી પહેરી ઉભી બજારે પાણીનું બેડું ભરીને લઈ આવો !''

લાધીબાઈ વિધવા હતા. વિધવાથી ચૂડી ચાંલ્લો થાય નહિ, લાલ ગવન ઓઢાય નહિ, ઉભી બજારે જવાય નહિ ! લોકો ફોલી ખાય ! પણ લાધીબાના મનમાં જરા સરખો ખચકાટ પેદા થયો નહિ એમણે તો મહારાજની આજ્ઞા પ્રમાણે હાથમાં ચૂડીઓ પહેરી, કપાળમાં કંકુનો ચાંલ્લો કર્યો, લાલ ઓઢણી ઓઢીને માથે તાંબાનું બેડું લઈ કીર્તન ગાતાં ગાતાં પાણી ભરવા ચાલ્યાં.

કોઈએ કહ્યું, લાધી ગાંડી થઈ ગઈ છે ! તો કોઈએ લાધીની મશ્કરી કરી. ''લાધી, કોનું ઘર માંડ્યું ?'' લાધીબાઈને લોકોની બિલકુલ પરવા નથી એમણે ફટ થઈને જવાબ આપ્યો, ''પુરુષોત્તમ નારાયણનું !''

બેડું ભરીને લાધીબાઈ ભરબજારે થઈ મહારાજની પાસે આવ્યાં. મહારાજે પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા.

મહારાજને મોળા હરિભક્તો પાલવે નહિ. એમણે તો આવા શૂરવીર હરિભક્તોની સેના ઉભી કરી હતી. શિરસાટે નટવરને વરવાનો અહીં ખેલ હતો. રીતસરનું આ યુદ્ધ હતું. કોઈને જોઈને આ યુદ્ધમાં ન ઉતરાય. અહીં તો કટકા થઈને પડવાની તૈયારી હોય તેનું જ કામ ! લાધીબાઈ શૂરવીર હરિભક્ત હતા.

શિરસાટે નટવરને વરવા સમાજની પરવા ન કરી તો નટવર એવા હરિવર લાધીબાઈના થઈને રહ્યાં.

●

શુષ્કવેદાંત વિષે

- દક્ષાબેન ઘનશ્યામભાઇ સોની

સંવત ૧૮૭૮ના માગશર વદી ચૌદશના દિવસે સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સભામાં ઉદાસ થયેલા દેખાતા હતા. ત્યારે તેમને ઉદાસ જોઈ પ્રશ્ન થયો કે શ્રીજી મહારાજ ઉદાસ

કેમ છે ? મહારાજના ઉદાસ થવાનું કારણ શુષ્કવેદાંત શાસ્ત્રનું શ્રવણ કરવાથી થયું હતું. શુષ્કવેદાંતના વચનો સાંભળે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. મહારાજને થયું કે માત્ર શ્રવણે કરીને અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો. કેમ જે શુષ્ક વેદાંત શાસ્ત્રને શ્રવણે કરીને જીવની બુદ્ધિમાંથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે. અને હૈયામાં સમભાવ આવી જાય છે અને અન્ય દેવની પણ ઉપાસના થઈ જાય છે.

શુષ્ક વેદાંત એટલે એવું માનવું કે બ્રહ્મ તેજ જીવરૂપ થાય છે. જેમ સૂર્યનું પ્રતિબિંબ છે તેજ બ્રહ્મરૂપ જીવરૂપ છે. જ્યારે એમ સમજાય હું બ્રહ્મરૂપ છું ત્યારે કાંઈ સાધન કરવાનું રહેતું નથી. અને તેને ભજન કરવાનું રહેતું નથી. પોતે નિર્ગુણ માર્ગને પામ્યા તેમ માને છે. પણ જીવને જન્મ મરણ હોય છે. તેથી બ્રહ્મને પણ જીવરૂપ માનીએ તો બ્રહ્મને જન્મ મરણ આવે. પણ બ્રહ્મને જન્મ મરણ નથી. તેમ આપણને પણ નહીં આવે. આપણે આપણને બ્રહ્મરૂપ માનીશું તો પણ જન્મ મરણ નહીં ટળે. આને લીધે જીવ ધીરે ધીરે અહંકારી થઈ જાય છે. અને આવા લોકો પોતાનો મોક્ષ બગાડે તેમ તેનો સંગ કરનાર નો પણ મોક્ષ બગાડે છે. ભગવાને ૧૬ માં વચનામૃતમાં પણ આવા લોકોની વાતો કરી છે. જે પોતાને બધું ભોગવાને ભગવાન માને છે. પોતાને જ્ઞાની સમજે છે તેની સામે નારદ સનકાદિક વગેરે પોતાને ભગવાનના નમ્ર સેવક સમજે છે. અને ભગવાનનું ધ્યાન રટણ કીર્તન કરે છે. તો જ્ઞાની તો છે જ પણ પોતાની જાતને શુષ્કવેદાંત સાંભળી બ્રહ્મ નથી સમજતા પણ તેઓ પોતાને બ્રહ્મના સમજે છે તેથી જ્ઞાનની ટોચ ઉપર પહોંચવા છતાં સમભાવથી ભગવાનનું કીર્તન, રટણ, ધ્યાન કરે છે. તેમને ભગવાનના બારામાં સંશય થતો નથી.

દા.ત. શુકદેવજીએ રાસ પંચાધ્યાયીનું વર્ણન ક્યું ત્યારે ભગવાને પર સ્ત્રીનો સંગ કેમ કર્યો તે સંશય રાજા પરિક્ષિતને થયો જે ભગવાને પરસ્ત્રીનો સંગ કેમ કર્યો ? પણ શુકજીને લેશમાત્ર સંશય થયો નહિ. કારણ તેઓ ગોપીચંદનું માહાત્મ્ય અતિશય સમજ્યા હતા જેને ભગવાનનો અચળ આશ્રય થયો હોય અને તે અતિશય શાસ્ત્રવેતા હોય તેજ ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણે એ દ્રઢ મતિવાળા હોય તેને ઓળખે. આમ માણસે આત્મ સ્થિતિ કેળવવા પ્રયત્ન કરવો જોઈએ. અને ભગવાનના સ્વરૂપમાં સંપૂર્ણ વિશ્વાસ પેદા કરવો જોઈએ કે ભગવાન સર્વેના સ્વામી છે. ભક્તવત્સલ છે પતિતપાવન છે, અધમઉદ્ધારણ છે.

અને પ્રત્યેક માનવમાં આવો વિશ્વાસ ઉભો કરવા શ્રીજી મહારાજે સતત પ્રયત્ન કર્યો અને તેને પરિણામે આજે આપણને સર્વેને આ વિશ્વાસ ઉભો થયો છે કે નારાયણ મારો સ્વામી છે. હું બ્રહ્મ નહિ પણ બ્રહ્મનો છું અને હું બ્રહ્મનો છું. તેથી મારી નિષ્ઠા પણ પતિવ્રતા સ્ત્રી જેવી શુદ્ધ અને પવિત્ર હોવી જોઈએ. જેવો રૂક્ષ્મણીને કૃષ્ણ વિશે નિઃસંશય પ્રેમ હતો તેવો આપણને પણ સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાન માટે નિઃસંશય પ્રેમ ઉભો થવો જોઈએ. ●

(અનુ. પેઈજ ૧૮ નું) ....

દેવાનંદ કહે સુખકારી,
ભજ્યા નહિ ગિરધારી
સંત વિના કોણ સમજાવે રે,
મરવાને ટાણે
સગા કોઈ સાથે નાવે રે,
મરવાને ટાણે

જીવના સાચા સગા તો ભગવાન છે. જે જન્મથી લઈને અંતકાળ સુધી સતત જીવનો સંગાથ છોડતા નથી.

"સંત સગા હરિજન સગા,
અંત સમય મેં રામ,


સત્સંગ બાલવાટિકા

તુલસી યે સંસાર મેં,
તીન ઠરન કે ઠામ."

જો જીવ સાચા ભાવથી ભગવાનનો શરણાગત બને તો ભગવાન તેના સાચા સગા બને છે. ને જીવને જગતના સ્વાર્થરૂપી અહં મમત્વમાંથી છોડાવે છે.

શ્રીજી મહારાજે ગઢડા અંત્યના ૩૯માં વચનામૃતમાં સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી આગળ વાતો કરી જે, ભગવાનની માયા તે કઈ છે ? તો દેહને વિષે અહં બુદ્ધિ, ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વ બુદ્ધિ એજ માયા છે. તે એ માયાને ટાળવી. અને એ માયાને જેણે ટાળી તે માયા ને તર્યા કહેવાય. અને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી. એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો. અને હનુમાન, નારદ, પ્રહલાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે, અહં મમત્વ રૂપ માયા થકી રક્ષા કરજ્યો અને તમારે વિષે પ્રીતિ થજ્યો.

????????????????પ્રશ્નપેટી????????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ કોનું સન્માન કરવું ? તે શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં છે ?

પ્રશ્ન : ૨ પર્વતભાઈને ખેતરની વાડ કરતા કુહાડી હાથમાંથી છટકી ગઈ તે પગ ઉપર આવી તેથી જોડાની છજાય કપાઈ ગઈ પણ પગ બચી ગયો. પર્વતભાઈએ વિચાર કર્યો કે મહારાજે મારી રક્ષા કરી નહીં તો એક મહિનાનો ખાટલો થાત, પછી પર્વતભાઈ એ શું નક્કી કર્યું.

પ્રશ્ન : ૩ ચાર પ્રકારની વૃત્તિ તેના નામ જણાવો.

પ્રશ્ન : ૪ શ્રીજી મહારાજ જેમને "ચ્યવન ઋષિ" કહીને બોલાવતા અને જેમનું પૂર્વાશ્રમનું ગામ ઝાલાવાડમાં રાણપુર (ચૂડા) હતું તે પૂ. સદ્‌ગુરુ સ્વામીનું નામ શું હતુ ?

પ્રશ્ન : ૫ "શ્રાવણવદી આઠમ બુધવારી, નક્ષત્ર રોહિણી આયો રે....." - કીર્તનના રચયિતા કોણ હતા.

પ્રશ્ન : ૬ यथैधांसि समिद्धोऽग्निर्जास्मसात् कुस्तेऽर्जुन । ज्ञानाग्निः सर्वकर्माणि जास्मसात् कुस्ते तथा ॥
આ શ્લોક ભગવત્‌ગીતાના ક્યા અધ્યાયનો છે ?

પ્રશ્ન : ૭ બાળ શર્મા ધર્મ-ભક્તિને શિખામણ આપતા હતા, તેમાં "કલ્યાણી"ને ઋતુકાળ આદિક ધર્મને પાળવાની શિખામણ આપી તો તેમાં ઋતુકાળ સોળ રાત્રીનો છે. તેમાં કેટલી રાત્રીનો ત્યાગ કરવા કહ્યું ?

એપ્રિલ-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) શ્રીજી મહારાજે ગ.પ્ર.પ્ર. ૫૦ માં વચનામૃતમાં કહ્યો છે. તેનો સાર - પોતાના કલ્યાણને અર્થે સાવધાન પણે વર્તે છે. તે કુશાગ્ર બુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વે મુર્ખ છે અને કુશાગ્ર બુદ્ધિવાળાના લક્ષણો બતાવ્યા છે. (૨) જેતલપુરના જીવરામ વિપ્ર હતા. ચોથે દિવસે "મુતલ" નામના કૂવામાં પડવાથી તેમનું મૃત્યુ થવાનું હતું. (૩) મેઘપુરમાં રામાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વમીને. (૪) અમદાવાદથી સિધામાં પાંચ હજાર દ્રોણ ઘઉં, ગોળ પાંચસો દ્રોણ, દાળ પાંચસો દ્રોણ તથા મીઠું, ખટાઈ, મસાલા, ચણા આદિ સામગ્રી લાવીને મોટા ઢગલા કર્યા હતા. (૫) ભક્તિચિંતામણી પ્રકર-૫૨-૫૩ માં. (૬) ૧. જીવની હિંસા શરીર, મન કે વચનથી ન કરવી, ૨. પરસ્ત્રીનો સંગ ન કરવો, ૩. ક્યારેય કોઈ પ્રકારે માંસ ન ખાવું, ૪. દવાના રૂપમાં દારૂ ન પીવો, ૫. વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો, ૬. તીર્થમાં પણ આાત્મઘાત ન કરવો, ૭. ધર્મ કાર્ય માટે પણ ચોરી ન કરવી, ૮. કોઈને માથે મિથ્યા કલંક ન દેવુ, ૯. કોઈપણ દેવની નિંદા ન કરવી, ૧૦. જેનું ન ખપતું હોય તેનું અન્નજળ ન ખાવું, અને ૧૧. વિમુખ જીવના મુખથી કથાવાર્તા ન સાંભળવી. (૭) પ્રેમાનંદ સ્વામી.

(૧) પટેલ માણેકબેન, શિલ્પાબેન મણીલાલ - દહેગામ
(૨) સોની ભગવાનદાસ વેલજીભાઈ - મોરબી
(૩) મેઘાબેન કમલેશભાઈ પટેલ - કુહા
(૪) અરવિંદાબેન ભાવસાર - ચાંદલોડીયા
(૫) વીણાબેન આર. ભાવસાર - ચાંદલોડીયા
(૬) હરિનંદનદાસજી પૂજારી - શિકાગો-યુ.એસ.એ.
(૭) વિનોદભાઈ પી. પટેલ - વહેલાલવાળા
(૮) શારદાબેન કાંતિભાઈ પટેલ - નાંદોલ
(૯) સાકરબેન નટવરભાઈ પટેલ - નાંદોલ
(૧૦) પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ - નાંદોલ
(૧૧) પટેલ અંજનાબેન મનુભાઈ - નાંદોલ

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.
(૨) "ભક્તિસુધા" શ્રી સ્વામિનારાયણ માસિકમાં સમાવિષ્ટ થયું છે. જેથી ભક્તિસુધામાં લેખ લખતા બહેનોએ શ્રીસ્વામિનારાયણ માસિક કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અણદાવાદના સરનામે લેખ મોકલવા.

સત્સંગ સમાચાર

પ.પૂ.મોટા મહારાજશ્રીનો ૯૩ મો પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ફક્કા વંશજ શ્રી નરનારાયણદેવ પીઠના નિવૃત પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૩ મો પ્રાકટ્યોત્સવ ચૈત્ર વદ ત્રીજને તા. ૫-૪-૨૦૦૭ના શુભ દિને સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધુમથી ઉજવાયો.

સૌ પ્રથમ વિદ્વાન વિપ્રોએ મંગલાચરણ કરી વેદ પરંપરાગત પૂજન વિધિ કરી હતી. ત્યારબાદ પૂજ્ય સંતોએ અને હરિભક્તોએ સમૂહ આરતી ઉતારી હતી. આજે પ.ભ. નગીનભાઈ પટેલ (કુંડાલવાળા) પરિવાર આયોજીત કથા પારાયણની પૂર્ણાહુતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. યજમાન પરિવારે પ.પૂ. બન્ને આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારીને પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પૂ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજીએ કથા પારાયણના વક્તાપદે બિરાજીને સતત સાત દિવસ સુધી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. તેઓશ્રીએ સભા સંચાલક રૂપે ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું મહિમા માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યુ હતું. સંપ્રદાયના મૂર્ધન્ય પંડિત સુપ્રસિદ્ધ કથાકાર પૂ. શા. સ્વામી હરિકેશવદાસજી, પૂ. ધ્યાની સ્વામી, પૂ.પી.પી. સ્વામી, શા.સ્વા હરિકૃષ્ણદાસજી, કાંકરિયા મહંત સ્વામી, મૂળીના મહંતશ્રી, નારાયણપુરના મહંતશ્રી આદિ અનેક વિદ્વાન સંતોએ પોતાની શુભ ભાવના-શુભેચ્છા અર્પી હતી.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન ચિત્તે સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપતા સૌ પ્રથમ પારાયણના યજમાન પ.ભ. નગીનભાઈના પુત્ર શ્રી દિપકભાઈનું સ્વાસ્થ્ય વિશેષ સારૂં થાય તે માટે શ્રીહરિના આ ફક્કા વંશજે આજના મંગળદિનનું આશીર્વાદ-શુભેચ્છાનું ફળ ભાઈશ્રી દિપકને અર્પી દીધું ! આ કાંઈ નાની સૂની વાત નથી. ભગવાનના અપર સ્વરૂપ સિવાય કોઈની તાકાત નથી જે હજારો ભક્તોની સભામાં આવું વચન ઉચ્ચારે. આવા દિવ્ય પુરૂષ આ પૃથ્વી પર બિરાજ્યા હોય ત્યાં પોતાના હરિભક્તોને ઉંની આંચ ન આવે. (પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય અલૌકિક આશીર્વચન પ.ભ. ગોરધનભાઈ સીતાપરાના લેખમાં સમાવિષ્ટ છે.)

પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"ના નિર્માણ કાર્યમાં સૌ ભક્તજનો ને સહયોગ આપવા દરેક સંતોએ અને પૂજ્ય મહંત સ્વામીએ ખાસ ભલામણ-અનુરોધ કર્યો હતો. તેમાં ઘણા સંતોની પ્રેરણાથી હરિભક્તોની સેવા પૂ. મહંત સ્વામીએ સભામાં જણાવી હતી.

(કોઠારી સ્વામી ધર્મપ્રકાશદાસ)

અમદાવાદ મંદિરમાં રંગ મહોલ અને હવેલીમાં શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી ગણપતીજી-હનુમાનજી મહારાજની પુનઃ પ્રતિષ્ઠા આરતી

સર્વોપરિ શ્રીજી મહારાજે સ્વયં બાથમાં લઈ પધરાવેલ સ્વસ્વરૂપ સર્વોપરિ શ્રી નરનારાયણદેવની સાથે સાથે મહારાજે પરંપરા સ્થાપી કે જ્યાં પણ આપણા સંપ્રદાયના મહા મંદિરો કે મંદિરો કે હરિમંદિરો થાય ત્યાં શ્રી વિઘ્ન વિનાયક દેવ અને શ્રી હનુમાનજી મહારાજને અવશ્ય પધરાવવા. જેનો શુભારંભ અમદાવાદ મંદિરમાં પોતે જ પોતાના કુળદેવ શ્રી હનુમાનજી મહારાજ અને શ્રી ગણપતીજી મહારાજની સ્થાપના-પ્રતિષ્ઠા કરી. શ્રી નરનારાયણદેવના દર્શન કરતા સૌ પ્રથમ પગથીયા ચડતા જ દિવ્ય દર્શનની અનુભૂતિ થાય તેવા દેવાધિદેવ શ્રી ગણપતીજી મહારાજ અને શ્રી હનુમાનજી મહારાજ તથા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ધ્યેય સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ પ્રસાદીના રંગ મહોલમાં કાષ્ટની અલૌકિક સાક્ષાત્ સ્વરૂપ સમી પ્રતિમા અને હવેલીમાં બહેનોના મંદિરમાં બહેનો માટેના ધ્યેય સ્વરૂપનું પણ સુંદર દર્શનમાં દિવ્યતા અને અલૌકિકતા લાગે તેવી રીતે ચારે પ્રતિમાઓનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનીઆજ્ઞાથી સુંદર રંગ કામ કરવામાં આવ્યું. જે પૂર્ણ થતા ચારેય દેવની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થઈ.

આ અતિ દુર્લભ સેવા અને દેવોની પ્રતિમાઓનું રંગકામ તથા પુનઃ પ્રતિષ્ઠા યજ્ઞ અને ઠાકોરજીને અન્નકૂટ, થાળ અને સંત-વર્ણી પાર્ષદોને રસોઈની સુંદર સેવા મેડાવાળા પ.ભ. ખીમજીભાઈ ભગવાનદાસ પટેલ પરિવારે કરીને શ્રીજી મહારાજ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો ખૂબજ રાજીપો પ્રાપ્ત કર્યો છે. યજમાન પરિવારના પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર) તથા પ.ભ. ગોવિંદભાઈ ખીમજીભાઈ પટેલ અને તેમના સુપુત્રોએ યજ્ઞમાં બેસીને સુંદર લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ખરેખર હરિભક્તોને પ્રેરણા લેવા જેવી છે.

(પા. ભુરા ભગત)

કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં માૅતિ યજ્ઞ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૧૫ના માૅતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધેલ. પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે માૅતિ યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન કોઠારી શા. યજ્ઞપ્રકાશદાસે કર્યું હતું.

(ભરતભાઈ)

નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અને મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં સત્સંગની વિશેષ જાગૃતિ માટે દર મહિનાના પ્રથમ રવિવારે સાંજે ૭-૦૦ થી ૯-૦૦ સત્સંગ સભા કરવામાં આવે છે. જેમાં કથા, વાર્તા, કીર્તન, ભક્તિ સંતો દ્વારા થાય છે. ધીરજાખ્યાનની સુંદર કથા શા.સ્વામી રામકૃષ્ણદાસજીએ કરીને હરિભક્તોને સુંદર લાભ આપેલ. સભા સંચાલન નાના પી.પી. સ્વામીએ સંભાળ્યું હતું.

(બાલુ સ્વામી)

ધરિયાવદ (રાજ.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૯ના ૧૦-૧૦ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ અને બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી રામજન્મોત્સવ ધામધુમથી ઉજવાયા હતા. ચૈત્ર સુદ-૧૫ના શ્રી હનુમાન જયંતી નિમિત્તે માૅતિ યજ્ઞનું આયોજન કરેલ. મહંત શા. વાસુદેવચરણદાસજીની પ્રેરણાથી પ.ભ. રાજમલજી પંચાલ, અન્નકૂટના યજમાન શ્રી ગોપીચંદજી ઝીણા (મ્યાલાગામ)એ લાભ લીધેલ. શા. સુખનંદનદાસ અને ગણપત ભગતે સારી સેવા બજાવી હતી. હરિભક્તોના દર્શન કરી તૃપ્ત થયા હતા.

(શા. અચલપ્રકાશદાસજી)

ઉનાવા મંદિરમાં રજત શતાબ્દી જયંતી ઉત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ઉનાવા શિખર બંધ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા થયે ૨૫ વર્ષ પુરા થતા હોવાથી તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની ચિત્ર પ્રતિમા-પ્રાણ પ્રતિષ્ઠાને ૧૨૫ વર્ષ પૂર્ણ થતા રજત શતાબ્દી મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો.

ઉનાવા મંદિરના મહંત સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીના માર્ગદર્શન-પ્રેરણાથી તા. ૧૬-૪-૦૭ના શુભ દિને પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ હસ્તે શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ, પ્રદર્શન અને મહોત્સવનું દિપ પ્રગટાવીને પ્રારંભ કર્યો હતો. પારાયણના વક્તાપદે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ બિરાજીને સુમધુર શૈલીમાં અલૌકિક કથામૃત પાન કરાવ્યું હતું.

સભા સંચાલન કાંકરિયાના કોઠારી શા.યજ્ઞપ્રકાશદાસે સંભાળ્યું હતું.

૧૨૫ કુંડી વિષ્ણુયાગ અને સમૂહ મહાપૂજામાં ઘણાજ ભક્તોએ લાભ લીધો હતો.

તા. ૨૦-૪-૦૭ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ઠાકોરજી અને સંત-હરિભક્તોની શોભાયાત્રા ગામમાં ધામધુમથી નીકળી હતી. જેના દર્શન દિવ્ય અને ભવ્ય હતા. ત્યારબાદ નિજ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો હતો. ત્યારબાદ શ્રી હનુમાનજી અને શ્રી ગણપતજીની પ્રાણ પ્રતિષ્ઠા અને અન્નકૂટ આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ત્યારબાદ કથા-પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારીને કથા પૂર્ણ થઈ હતી. ગામના દરેક ભક્તજનોએ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું ગુરુ પૂજન કરી દિવ્ય અલૌકિક લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં ધામોધામથી પધારેલા સંતોએ પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ ૧૨૫ કુંડી વિષ્ણુયાગની શ્રીફળ હોમીને પૂર્ણાહુતિ કરી હતી. આ શુભ પ્રસંગે સમગ્ર દશ ગામ તથા આજુબાજુના સમગ્ર ભાવિકો માટે ઉનાવા ગામ સમસ્તને પ્રસાદનું (ગામ ધુમાડા બંધ) આયોજન કરવામાં આવ્યું હતું. હજારો ભક્તજનોએ દેવ દર્શન, આચાર્ય મહારાજશ્રીના દર્શન અને કથા શ્રવણ કરીને જીવન ધન્ય બનાવ્યું હતું.

(કોઠારી શામળભાઈ)

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી

કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે બોપલ આપણા મંદિરમાં શા.સ્વામી ધર્મવલ્લભદાસજી (મૂળી વાળા)ની પ્રેરણાથી સ્વામી હરિવલ્લભદાસ તથા શા.સ્વા. સુવ્રતસ્વરૂપદાસના માર્ગદર્શનથી ચૈત્ર સુદ-૯ના શ્રીહરિપ્રાકટ્યોત્સવ ધૂન, ભજન, કથા કીર્તન કરીને ધામધુમથી ઉજવ્યો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી ઘનશ્યામ બાલ ચરિત્રની કથા સંતોએ સુંદર રીતે કરી હતી. ચૈત્ર સુદ-૧૫ના શ્રી હનુમાન જયંતી નિમિત્તે સંત-હરિભક્તોએ અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવની પદયાત્રા કરીને મંગળા આરતીના દર્શન કર્યા હતા. પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલે (ટ્રસ્ટીશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર) બોપલ - આંબલીના શ્રી નરનારાયણદેવના આશ્રિતો માટે ખરેખર મંદિર નિર્માણ કરીને સૌ ભક્તજનોને દર્શનની સુગમતા કરી આપી છે.

(પ્રવિણચંદ્ર ઉપાધ્યાય, આઈ.પી.એસ. રીટાયર્ડ)

નવા વાડજ મંદિર

અત્રે નવા વાડજ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ તા. ૧૯-૩-૦૭ થી ૨૩-૩-૦૭ પર્યન્ત શા.સ્વામી ઘનશ્યામ પ્રકાશદાસજી (જમીયતપુરા)ના વક્તાપદે થઈ હતી.

તા. ૨૩-૩-૦૭ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ અને કથાની પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગે ધામોધામના સંતોએ પધારીને પોતાની અમૃતવાણીનો લાભ આપેલ.

યજમાન હરિભક્તો શ્રી શંભુભાઈ એચ. પટેલ, શ્રી વાલજીભાઈ કાનજીભાઈ પોરીયા (ધૂળકોટ) પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

પાટોત્સવના દિને પ્રસાદ વગેરેના યજમાન પ.ભ. વાલજીભાઈ અને પ.ભ. હેમેન્દ્રભાઈ સોનીએ લાભ લીધો હતો.

આમ અત્રે પાટોત્સવ પ્રસંગે હરિભક્તોએ દર્શન કરી દિવ્યતા અનુભવી હતી. *(નાગજીભાઈ વી. પટેલ)*

અમદાવાદ પૂર્વ વિસ્તાર બાપુનગરમાં અઠવાડિક બાળ સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામીની પ્રેરણાથી દર રવિવારે સવારે ૯ થી ૧૦ ૧ કલાક બાળ સત્સંગ સભાનું આયોજન થાય છે. પ.ભ. શ્રી રમેશભાઈ હીરપરા આ સભાના સંચાલક તરીકે સેવા આપે છે.

વર્તમાન સમયના બાળકો ભાવિ પેઢીનો આધાર સ્તંભ છે. આ બાળકોમાં અત્યારથી જ સત્સંગના સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો તેઓ યુવાન થઈને કળિયુગના કલુષિત વાતારણથી બચી નિર્વ્યસની, સદાચારી તેમજ ભક્તિમય જીવન જીવ શકે અને તેઓના જીવનમાં કાયમ માટે સત્સંગની સુવાસ ટકી રહે તે હેતુથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ તાજેતરમાં સમગ્ર નરનારાયણદેવ યુવક મંડળના સંચાલકોને બાલ સત્સંગના પોષણ માટે વિશેષ આજ્ઞા કરતા એપ્રોચ મંદિર ઉપરાંત પૂર્વ વિસ્તારના નીચે મુજબના ૬ સ્થળોએ તા. ૧-૪-૦૭ થી દર રવિવારે નિયમિત ૧ કલાક બાળ સત્સંગ સભાનું આયોજન શરૂ કરવામાં આવ્યું છે. (૧) રાજુભાઈ સુહાગીયા બી-૧૫, બદ્રિનારાયણ સોસા., નિધિ સોસા.ની સામે, ઠક્કરબાપાનગર રોડ. (૨) ઘનશ્યામભાઈ તથા કનૈયાલાલ, સી-૧૬, વંદનાપાર્ક સોસા., તારવા લાઈન, હીરાવાડી રોડ. (૩) ઘનશ્યામભાઈ સુખડીયા, શ્રી નરનારાયણદેવ તાબાનું વિરાટનગર, શ્રી સ્વામિનારાયણ મંદિર. (૪) રાજુભાઈ એ-૩૯, મીરાપાર્ક, વિ-૨, નારાયણનગરની અંદર, નેશનલ હાઈવે નં. ૮. (૫) અરવિંદભાઈ એ-૧૦ મનોરથ ફ્લેટ, ગિગેવપાર્ક, ઉત્તમનગર પાસે, નિકોલગામ રોડ. (૬) ઝવેરભાઈ ૧, હરિકૃષ્ણ ફ્લેટ, ઠક્કરનગર.

દરેક સ્થળે હાલમાં ૫૦ બાળકો સત્સંગ સભાનો લાભ લઈ રહ્યાં છે. સભામાં આવતા બાળકોના સંસ્કાર સિંચન માટે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ એપ્રોચ-બાપુનગરના સક્રિય યુવા હરિભક્તો સુંદર સેવા આપી રહ્યાં છે. સભાનો સમય તેમજ અન્ય વિશેષ માહિતી માટે એપ્રોચ મંદિરે યુવક મંડળના પ.ભ. શ્રી ઝવેરભાઈ, મનોજભાઈ અથવા મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજી સ્વામીનો સંપર્ક કરવો. *(ગોરધનભાઈ સીતાપરા)*

સાબરમતી વિસ્તારમાં સત્સંગ

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર દ્વારા ચાલતી સત્સંગ સભા અત્રે સાબરમતીમાં દર પૂનમે કરવામાં આવે છે. જેમાં શા.સ્વામી રામકૃષ્ણદાસજી તથા શા.સ્વામી સત્યસ્વરૂપદાસજી કથાનો સુંદર લાભ આપીને હરિભક્તોને કથામાં રસ તરબોળ કરે છે. સાબરમતી વિસ્તારના સૌ ભક્તોને લાભ લેવા ખાસ અનુરોધ છે. આ સભાના પ્રેરક નાના પી.પી. સ્વામી છે. *(રાવજીભાઈ પટેલ, શ્રી ન.ના.દેવ યુવક મંડળ)*

કપડવંજમાં (૧૬૦ વર્ષ જુના) મંદિરની ખાતવિધિ

અત્રે કપડવંજમાં ૧૬૦ વર્ષ પુરાતન શ્રી સ્વામિનારાયણ મંદિર જીર્ણ થતા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાત વિધિ ધામધુમથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે વિદ્વાન સંતોએ પ્રેરણાત્મક પ્રવચન કરીને મંદિર નિર્માણમાં સૌને સહયોગ આપવા હાકલ કરી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે સર્વોપરિ શ્રીજી મહારાજ વહેલામાં વહેલી તકે મંદિર નિર્માણ કરાવીને સ્વંય બિરાજમાન થાય અને સૌ હરિભક્તોને નિત્યે દર્શનનું સુખ મળે તેવા અલૌકિક આશીર્વાદ આપ્યા હતા. યજમાન રૂપે પ.ભ. ભાવેશભાઈ આર. પટેલ રહ્યા હતા. સભામાં હરિભક્તોએ ચરણ સ્પર્શ દર્શનનો મહા લાભ લીધો હતો. સ્વામી આનંદસ્વરૂપદાસ તથા શા.સ્વામી સિધ્ધેશ્વરદાસ સમગ્ર પ્રસંગના પ્રેરક રહ્યા હતા. *(આર.એસ. પટેલ)*

શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અસારવા ગુરુકુળના સંચાલક પૂ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના પ્રસાદીના જુના નિવાસ સ્થાન શ્રી સ્વામિનારાયણ બાગ અસારવામાં છેલ્લા ઘણા વરસોથી આપણું શ્રી સહજાનંદ ગુરુકુળ ધો-૫ થી ૧૦ સુધીના ઉચ્ચ શિક્ષણ સાથે આધ્યાત્મિક શિક્ષણ આપીને સત્સંગના ઉજળા ભવિષ્યનું સુંદર કામ કરે છે.

તા. ૨૫-૩-૦૭ને રવિવારના પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિમાં અને સંતવૃદ અને વાલીઓની વિશાળ હાજરીમાં વાર્ષિક વાલી સંમેલન તથા ધો.૧૦ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ દબદબાપૂર્વક ઉજવાયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવ્યા હતા. *(અનીલ પટેલ)*

માણેકપુર ગામ

અત્રે માણેકપુર (ઘનશ્યામનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૧૫ ના ૩૩ માં પાટોત્સવ નિમિત્તે અમદાવાદ વસતા માણેકપુરના પાટીદાર હરિભક્તોએ અમદાવાદથી માણેકપુર ગામ પદયાત્રાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે નારાયણઘાટના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, શા.સ્વામી હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત) અત્રેના નાના પી.પી. સ્વામી આદિ સંતોએ પધારીને કથાનો લાભ આપેલ. *(મહેન્દ્ર એ. પટેલ)*

પાલડી કાંકજ મંદિરમાં પ્રથમ પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરના મહંત સ્વામી શા.આત્મપ્રકાશદાસજી અને પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી પાલડી-કાંકજ મંદિરમાં તા. ૧૧-૪-૦૭ના રોજ ઠાકોરજીના પ્રથમ પાટોત્સવ પ્રસંગે-મહાપૂજા, અભિષેક, ઠાકોરજીને અન્નકૂટ આદિ સ.ગુ. શા. સ્વામી હરિઊઁપ્રકાશદાસજી અને સંત મંડળે વિધિપૂર્વક કરાવીને કથા-વાર્તા કરીને આદિ સુંદર લાભ આપેલ. પાટોત્સવના યજમાનનો લાભ પ.ભ.ઘનશ્યામસિંહ વિક્રમસિંહ ચૌહાણે લીધો હતો. *(શા. ભક્તિનંદનદાસ)*

સઈજ (તા. કલોલ) ગામે સત્સંગ સભા

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સઈજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રાત્રી સત્સંગ સભાનું સુંદર આયોજન જમીયતપુરા પ્રભા હનુમાનજી મંદિરથી સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, શા. ભક્તિકેશવદાસ આદિ સંત મંડળે સર્વોપરિ શ્રીજી મહારાજ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું મહિમા માહાત્મ્યનું શાસ્ત્રોક્ત વિદ્યાનથી સરળ ભાષામાં સમજણ પુરી પાડી હતી.

યુવાનો અને બાળકોએ મોટી સંખ્યામાં સભાનો લાભ લીધો હતો.

(સાધુ પૂર્ણપ્રકાશદાસ)

નવા વણઝર (સરખેજ) શ્રી સ્વામિનારાયણ મંદિર

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નવા વણઝર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૯ના બપોરે ૧૨-૦૦ શ્રી રામચંદ્રજી ભગવાનનો પ્રાકટ્યોત્સવ અને રાત્રે ૧૦-૧૦ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. જેમાં પ.ભ. રાજુભાઈ ઠક્કર, પ.ભ. પ્રકાશભાઈ ઠક્કર અને પ.ભ. નિતીનભાઈ ઠક્કરની સેવા પ્રશંસનીય હતી. *(કોઠારીશ્રી)*

સમૌ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સર્વોપરિ શ્રી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૨૨૬માં પ્રાકટ્ય દિન ચૈત્ર સુદ-૯ના સમૌ, ગોઝારીયા અને ઈન્દ્રપુરા ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કથા-વાર્તા કીર્તન ભક્તિ આદિ સત્સંગ લક્ષી પ્રવૃતિ કરીને ઉજવ્યો હતો. ત્રણે ગામોમાં મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

(કોઠારી ચૌધરી ભીખાભાઈ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

સુરેન્દ્રનગર મંદિરમાં શ્રીહરિ જયંતી ઉત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૯ રામનવમી શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટ્યદિન પ્રસંગે સમૂહ મહાપૂજા, ૩ કલાક ધૂન અને શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પર શણગારેલા વાહનમાં નીકળી હતી. રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ મંદિરના ચોકમાં સંત-હરિભકતોની વિશાળ હાજરીમાં ધામધુમથી ઉજવ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

જીરાગઢ (હાલાર) શ્રી રોકડીયા દાદાના મંદિરમાં પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હાલારના જીરાગઢ રોકડીયા દાદાના પાટોત્સવ પ્રસંગે અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.ભ. જયંતીલાલ પરસોત્તમભાઈ મનાણીના યજમાન પદે શ્રીમદ્ સત્સંગિજીવન પંચદિનાત્મક પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા મહંતશ્રી)ના વક્તાપદે સુંદર રીતે સંપન્ન થઈ. ઉત્સવનો શુભ પ્રારંભ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો.

પૂર્ણાહુતિના દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ અને પારાયણની પૂર્ણાહુતિ થઈ હતી. પ્રાસંગિક સભામાં મૂળી મહંત શા. જ્ઞાનવલ્લભદાસજી અને અનેક વિદ્વાન સંતોએ મનનીય પ્રવચન કરેલ. હરિભકતોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શનનો અલૌકિક લાભ લઈ ભાગ્યશાળી બન્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્યમહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

જીરાગઢ મંદિરના ટ્રસ્ટીઓ, કોઠારીશ્રી આદિ સૌએ સુંદર આયોજન કર્યું હતું. સભા સંચાલન ભરત મારવીએ કર્યું હતું. *(શાંતિલાલ વરુ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર લખતર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર લખતર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ચૈત્ર સુદ-૯ શ્રીહરિ જયંતીના સવારે ૮ થી રાત્રીના ૧૦ કલાક પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સૌ ભક્તજનોએ સમૂહમાં કરી હતી. જેના પ્રેરક પ.ભ. લાલજીભાઈ શામજીભાઈ પટેલ રહ્યા હતા.

(પટેલ અમૃતભાઈ હીરજીભાઈ)

વિદેશ સત્સંગ સમાચાર

શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O. અમેરિકા)

આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભ-દાસજીની પ્રેરણાથી ૪ માર્ચ રવિવારના શ્રી નરનારાયણદેવ જયંતીના સુંદર રંગ બેરંગી પુષ્પથી દેદિપ્યમાન હિંડોળામાં શ્રી નરનારાયણદેવને પધરાવીને દરેક ભાઈ અને બહેનોએ ખૂબજ ભાવ અને શ્રધ્ધાથી ઝુલાવ્યા હતા. શ્રી નરનારાયણદેવ મહિમાના નંદ સંતોના કીર્તનો સુંદર રાગમાં સંત-હરિભક્તોએ ગાયા હતા. મહંત સ્વામીએ શ્રી નરનારાયણદેવ માહાત્મ્યની વિસ્તારપૂર્વક કથા કરીને સૌને અલભ્ય લાભ આપ્યો હતો. પ્રમુખશ્રી જગદીશભાઈએ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીના "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" માટેના યાત્રા પ્રવાસની માહિતી આપી હતી. મહંત સ્વામીએ યજમાનોને પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી નરનારાયણદેવની આરતી સ્તુતિ પ્રાર્થના કરી સૌ એ મહાપ્રસાદ લીધો હતો. યુવક મંડળ-કિચન મહિલા મંડળની સેવા પ્રશંસાપાત્ર હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(વિષ્ણુભાઈ પટેલ સોલાવાળા)

હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O. અમેરિકા)

ટેકસાસ સ્ટેટના હ્યુસ્ટન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ૭ મો પાટોત્સવ ૯-૩-૦૭ થી ૧૧-૩-૦૭ દરમ્યાન ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત સ્નેહગીતાની ત્રિદિનાત્મક પારાયણ સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી એ ખૂબજ મનનીય અને પ્રેમલક્ષણા ભક્તિથી દ્રષ્ટાંત સહિત સમજણ આપી હતી. નાના બાળકોએ સત્સંગનું પ્રેરક

નાટક રજુ કરીને સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. સમૂહ મહાપૂજામાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. પૂજારી સંતોએ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજને ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર કરીને સૌને અલૌકિક દર્શન કરાવ્યા હતા. ત્યારબાદ છપ્પન ભોગ અન્નકૂટ, અને ત્રણ શિખરો પર ધજાઓ ચઢાવવા ચડાવો થયો હતો. જે શાસ્ત્રોક્ત વિધિથી ધજાઓ ચડાવીને યજમાનોએ દિવ્ય લાભ લીધો હતો.

છેલ્લે આપણા મંદિરના પ્રમુખશ્રી મનજીભાઈ હિરાણીએ સેવા કરનાર સૌ ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. નવયુવા અને યુવતીઓની સેવા પ્રેરણા દાયક હતી.

૧ એપ્રિલના શ્રીહરિ પ્રાકટય મહોત્સવ પ્રસંગે અનેક ભક્તજનો યજમાન બનવા માટે ઉત્સાહિત થયા હતા. સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટ્યની સુંદર કથા કે.પી. સ્વામીએ દ્રષ્ટાંત સહિત કરીને સૌને કથારસમાં તરબોળ કર્યા હતા. કોલોનીયાથી આવેલા ભક્તિ કિશોર સ્વામીએ પ્રેરણારૂપ દ્રષ્ટાંત સહિત ભગવાનનું માહાત્મ્ય કહ્યું હતું.

૮ એપ્રિલના હનુમાન જયંતીના દિને શ્રી હનુમાનજીના પૂજનનો લાભ ઘણા હરિભક્તોએ લીધો હતો. અને હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા.

કે.પી. સ્વામીએ હનુમાનજીની કથા સરસ કરીને સૌને સમજ આપી હતી. ચૈત્રી પૂનમના દર્શન કરવા હરિભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા.

આમ અત્રે હ્યુસ્ટન મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા આશિષથી દરેક ઉત્સવો ધામધુમથી ઉજવાય છે.

(રમેશ ટી. પટેલ)

વોશિંગ્ટન ડી. સી. (I.S.S.O. **ચેપ્ટર**)

૩૧ માર્ચના શનિવારના સાંજે ૨॥ કલાકની સત્સંગ સભામાં ૨૭૩ વચનામૃતમાંથી કથા, કીર્તન, ભક્તિ, નિત્ય-નિયમ અને ઠાકોરજીને થાળ આરતી સમૂહમાં થયા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાકટય તિથિ નિમિત્તે પણ સરસ કાર્યક્રમ કરીને સૌને ભગવાનમાં જોડવા માટેના દ્રષ્ટાંત સહિત નંદ સંતોની વાતો કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે. *(કનુભાઈ પટેલ)*

જાણવા જોગ

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ હરિભક્તો ને ખાસ જણાવવાનું કે આપણા સંપ્રદાયના દેશ વિભાગના લેખ તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ત્યાગી ગૃહી સર્વના ગુરુ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એજ સર્વોપરિ છે. તેવી પરંપરા ચાલી આવે છે. તે પ્રમાણે સંપ્રદાયના આપણા કોઈપણ ગામમાં કે મંદિરમાં સંતો હરિભક્તો પાસે દાન ધર્માદો લેવા કે કથા વાર્તા કરવા આવે ત્યારે આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર (મહોરછાપ) લઈને જ આવે છે. આ મહત્વની સંપ્રદાયની પરંપરાનું દરેક સંતો તથા હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું અને મહારાજની આજ્ઞાનું સહેજે પાલન થાય તે માટે દરેકે સાવધાન રહેવું.

શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ ની આજ્ઞા પ્રમાણે દરેક આશ્રિત ગૃહસ્થ ભક્તોએ પોતાની શક્તિ પ્રમાણે આવકમાંથી દશમો ભાગ (૧૦%) અથવા વીસમો ભાગ (૫%) ભગવાનને અર્પણ કરવો. અર્થાત્ પોતાના ધંધામાં ભગવાનને પાર્ટનર માનીને તેમનો ભાગ રાખવાથી ભગવાનનું નસીબ ધંધામાં કમાણી કરી આપે છે. ધર્માદો વર્ષમાં બે વખત ચોખે ચોખો ભગવાન શ્રીહરિએ સ્થાપેલા મહામંદિરોમાં અર્પણ કરી દેવો. ઉત્તરાયણ અને નૂતન વર્ષના દિવસોમાં નિષ્ઠાવાળા ભક્તો અવશ્ય ધર્માદો અર્પણ કરે છે. તેમાં સૌ ભક્તોએ પોતાનું નામ અવશ્ય લખાવી દેવું.

આજ્ઞાથી

લી. મહંત સ્વામી

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે	કલોલ
૧૦૦-૦૦	શ્રી જયેશકુમાર ચંદુલાલ પટેલ માધ્યમિક શાળામાં નોકરી મળી તે નિમિત્તે	ખેરવા
૧૦૧-૦૦	શ્રી પિયુષકુમાર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સૂકાટીબા
૫૦૫-૦૦	શ્રી ભૂમિકાબેન બાબુલાલ પટેલ અમેરિકાથી પગાર આવ્યો તે નિમિત્તે	ડિંગુચાવાળા
૧૦૫-૦૦	શ્રી વત્સલકુમાર મહેન્દ્રકુમાર ઠક્કર નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૫-૦૦	શ્રી કિરણભાઈ તથા શ્રી હર્ષદભાઈ પટેલ તેમના પિતાશ્રી સારાભાઈ મથુરભાઈના સ્મરણાર્થે	ભાત
૧૦૧-૦૦	શ્રી જગદીશભાઈ બાબુભાઈ પટેલ (ખેરોલવાળા) શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૨૫૧-૦૦	શ્રી રમેશભાઈ આર. મેવાડા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૫૦૧-૦૦	શ્રી આરતીબેન દેવેન્દ્રભાઈ ઉપાધ્યાય લગ્ન પ્રસંગે	અમદાવાદ
૨૦૧-૦૦	શ્રી મીનાબેન તથા શ્રી મહેન્દ્રભાઈ જસુભાઈ પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી શાંતિલાલ ચતુરભાઈ પટેલ પુણ્ય તિથિ નિમિત્તે	વહેલાલ
૧૦૦-૦૦	શ્રી કલ્યાણભાઈ નારણભાઈ પટેલ પરીક્ષામાં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે	કડી
૧૦૧-૦૦	શ્રી ભાવિકકુમાર ગોકુળભાઈ પટેલ નવું લેપટોપ લીધું તે નિમિત્તે	
૧૦૦-૦૦	શ્રી ધનલક્ષ્મી જ્વેલર્સ ધીરૂભાઈ સોની નવું ટીવી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મહેન્દ્રભાઈ ભક્તિદાસ શિવદાસ પટેલ નવું એકટીવા અને કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હરિભાઈ મનજીભાઈ પટેલ દુકાન રાખી તે નિમિત્તે	જેશંગપરા
૫૦૧-૦૦	શ્રી નિયતીબેન નિરંજનકુમાર પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	વિરાવાડા
૧૦૧-૦૦	શ્રી ઈશ નિરંજનકુમાર પટેલ ખોવાયેલ વસ્તુ પરત મળી તે નિમિત્તે	વિરાવાડા
૨૦૧-૦૦	શ્રી પ્રકાશકુમાર અમૃતલાલ પટેલ તથા ચંદ્રિકાબેન પ્રકાશકુમાર અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	ગવાડા
૧૦૧-૦૦	શ્રી બાવાભાઈ નારણભાઈ જાદવના સ્મરણાર્થે	માલણપુર
૧૦૧-૦૦	શ્રી અજમલભાઈ ગણેશભાઈ ચાવડા ચિ. અસ્મિતા તથા જીગરના લગ્ન પ્રસંગે	વઘાડા
૧૦૧-૦૦	શ્રી ભાવેશકુમાર મણીભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	કનીપુર (નરોડા)
૧૦૧-૦૦	શ્રી ભાવેશકુમાર મણીભાઈ પટેલ નવું ઈટર્નો લાવ્યા તે નિમિત્તે	કનીપુર (નરોડા)
૧૦૧-૦૦	શ્રી પથાભાઈ મલુભાઈ મોરી પેન્શન મળ્યું તે નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી કુમુદચંદ્ર જગન્નાથ ઉપાધ્યાય શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટોત્સવ નિમિત્તે	કાંકરિયા
૧૦૧-૦૦	શ્રી ધારાબેન દેવાંશ હિતેશકુમાર પંચાસરા પુત્ર જન્મ પ્રસંગે	સાણંદ
૧૦૧-૦૦	શ્રી ભવ્યા પિયુષભાઈ રામચંદ્ર પટેલ પુત્રીના જન્મ પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી વિનુભાઈ એમ. પટેલ બરવાળાથી ધોળકા બદલી નિમિત્તે	વાવોલ
૧૦૧-૦૦	શ્રી હંસાબેન જે. અમીન શ્રીજી પ્રસન્નાર્થે	મણીનગર
૧૦૧-૦૦	શ્રી કલ્પેશભાઈ ભીખાભાઈ સરધારા નવું ટ્રેકટર લીધું તે નિમિત્તે	બાઢડા
૫૦૧-૦૦	શ્રી અરવિંદકુમાર ઈન્દુલાલ મોદી ચિ. પ્રતિજ્ઞા મોદીએ એમ.બી.બી.એસ. ડોકટરની ડીગ્રી માર્ચ-૦૬ માં ફર્સ્ટ કલાસ પાસ કરી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અલ્કેશ મનુભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી નરેન્દ્રભાઈ રતીભાઈ ચિ. અભિષેકની બાબરી ઉતરાવી તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી ગૌરવ સતીષભાઈ પટેલ બી.ફામમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી જગદીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મહીયલ
૧૫૧-૦૦	શ્રી અલ્પેશ અમરતલાલ જણસારી પોસ્ટની એજન્સી મળી તે નિમિત્તે	(ઈટાદરા વાળા)
૧૦૧-૦૦	રૂદ્ર તેજસ ગૌરાંગ તરફથી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વસંતભાઈ સીતારામ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(ઊંઝાવાળા)
૧૦૦-૦૦	એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે	

૧૦૧-૦૦	શ્રી વિષ્ણુપ્રસાદ બાબુલાલ કાછીયા ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી સિધ્ધાર્થ રમેશચંદ્ર પટેલ ઓસ્ટ્રેલીયા પહોંચ્યા તે નિમિત્તે	ગોઝારીયા
૧૦૧-૦૦	શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ ભાવસાર પૌત્ર જન્મ પ્રસંગે	(મોટપવાળા)
૧૦૧-૦૦	શ્રી હાર્દિકકુમાર મનહરભાઈ પટેલ નોકરી મળી અને સગાઈ થઈ તે નિમિત્તે	ધનસુરા
૨૦૧-૦૦	શ્રી મંગુબેન બેચરદાસ મોહનદાસ પટેલ વિદેશ જવા વિઝા મળ્યા તે નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦	શ્રી નિશીતકુમાર રમેશચંદ્ર ભાટીયા પગાર પુરો થયો તે નિમિત્તે	માલવણ
૧૦૧-૦૦	અ.નિ. ચંદ્રિકાબેન જસુભાઈ પટેલના સ્મરણાર્થે	વહેલાલ
૧૦૫-૦૦	શ્રી ભગવાનજીભાઈ માવજીભાઈ વેગડ ચિ. દિપીકાબેનના લગ્ન પ્રસંગે	નવસારી
૧૦૧-૦૦	શ્રી કિરણબેન અમૃતલાલ ચોટલીયા બ્યુટી પાર્લરમાં નોકરી મળી તે નિમિત્તે	જીરાગઢ (સુરત)
૧૦૧-૦૦	શ્રી દર્શનકુમાર નિલેશભાઈ દયાળજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ (સુરત)
૧૦૦-૦૦	શ્રી મોહનભાઈ ખોડીદાસ ચોટલીયા કાંકરેટનું મિક્ષર મશીન લીધું તે નિમિત્તે	ધૂળકોટ (નવસારી)
૧૦૧-૦૦	શ્રી શકરીબેન મથુરદાસ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પરેશ સુખલાલ ચૌહાણ ચિ. ઉદયના જન્મ નિમિત્તે	ધ્રાંગધ્રા
૧૦૧-૦૦	શ્રી ચિરાગી બી. મારવી જન્મ દિન પ્રસંગે	ધ્રાંગધ્રા
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ એન. પાટડીયા ચિ. પ્રિયાંશની બાબરી ઉતારી તે નિમિત્તે	ધ્રાંગધ્રા
૧૧૧-૦૦	શ્રી કલ્પેશકુમાર રતીલાલ પટેલ બાબાના જન્મ દિન નિમિત્તે	હઠીપુરા
૧૦૧-૦૦	શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ ચિ. દિવ્યાને નોકરી મળવા નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી તરૂણાબેન નવિનભાઈ ઠક્કર જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૨૦૨-૦૦	શ્રી મનુભાઈ મોતીભાઈ પટેલના ચિ. અંકિતાબેન તથા ચિ. રીનાબેનના લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૦૦-૦૦	શ્રી દેવલભાઈ નારણભાઈ પટેલ નવી ગાડી લીધી તે નિમિત્તે	નિકોલગામ
૧૦૧-૦૦	શ્રી મુકતેજ રવિન્દ્રભાઈ પટેલ પગાર વધ્યો તે નિમિત્તે	નરોડા
૨૦૧-૦૦	શ્રી ધર્મેન્દ્ર ગંગદાસભાઈ રાઠોડ બોપલમાં નવા બંગલાનું બુકીંગ કરાવ્યું તે નિમિત્તે	ટીંબાવાળા (અમદાવાદ)
૧૦૧-૦૦	શ્રી મહેશકુમાર દજાભાઈ મોરી પુત્ર જન્મ પ્રસંગે	કાલીયાણા
૧૦૦-૦૦	યુગ સચીન પટેલ બાબરી નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦	અ.નિ.અ.સૌ. મધુબેન જગદીશચંદ્ર કાછીયાના સ્મરણાર્થે	લુણાવાડા
૧૦૧-૦૦	શ્રી ગૌરાંગ ભાસ્કરભાઈ પટેલ નવું બાઈક લીધું તે નિમિત્તે	નાંદોલ
૧૫૦-૦૦	શ્રી જયેન્દ્રભાઈ એ. પટેલ ચાણક્ય પર્સનલ ટીચીંગ પોઈન્ટના ૪થા વર્ષમાં પ્રવેશ નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી ડૉ. અરૂણભાઈ પટેલના ચિ. રાજેશભાઈના શ્રીજી કેડ કોમ્યુનિકેશન ઓફિસના ઉદ્. નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	શ્રી દયાળજીભાઈ નરસીભાઈ રાઠોડ ચિ. નીતાના લગ્ન પ્રસંગે	(જીરાગઢવાળા) જામનગર
૧૦૧-૦૦	શ્રી મનોજભાઈ અને શ્રી મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ મીરા રોડ
૧૦૧-૦૦	શ્રી આર્યન પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કુબડથલ
૧૦૧-૦૦	નિલ કોમ્પ્લેક્ષ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કા.પ. મહેશભાઈ ચંદુલાલ સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે	કઠલાલ
૫૦૦-૦૦	શ્રી રાજેન્દ્રભાઈ રમણભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(પોરવાળા) સાબરમતી
૧૦૦-૦૦	કા. કેતનભાઈ શશીકાન્તભાઈ પુત્ર જન્મ પ્રસંગે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી નીનાબેન ગીરીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(પરઢોલવાળા) ઓસ્ટ્રેલીયા
૧૦૧-૦૦	શ્રી હંસાબેન શિવપ્રસાદ ભટ્ટ પુત્ર વધુ હેમાંગીની ભટ્ટને પ્રમોશન મળવા નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અનીલભાઈ મહેતા ચિ. કેતનની મદ્રાસ થી મુંબઈ બદલી થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વીણાબેન રસિકલાલ સોની જન્મ દિન નિમિત્તે	મોડાસા
૧૦૧-૦૦	શ્રી નટવરલાલ રમણલાલ કા. પટેલ ચિ. પંકજભાઈના ચિ. આયુષની બાબરી ઉતરાવી તે નિમિત્તે	કપડવંજ
૧૦૧-૦૦	શ્રી પ્રેમજીભાઈ ડાહ્યાભાઈ મારવીના સ્મરણાર્થે (તા. ૬-૪-૦૭)	(જીરાગઢ) અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી ચંપાબેન દિનેશભાઈ પટેલ ચિ. ભાવિકાબેનના લગ્ન પ્રસંગે	(કનીપુર) અમદાવાદ

૧૦૦-૦૦	શ્રી ચંપાબેન દિનેશભાઈ પટેલ ચિ. ભવ્ય (ભાણેજ)ના જન્મ નિમિત્તે	(કનીપુર) અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વિરલ મનુભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	અ.નિ. કેશવલાલ મગનલાલ પટેલ પુણ્યતિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ફોરમબેન પ્રકાશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦	શ્રી નિસર્ગ અનુપમ ગાંધી પુત્ર જન્મ પ્રસંગે	નારણપુરા
૧૫૧-૦૦	શ્રી કિરણભાઈ મુકુંદભાઈ સોની ચિ. તન્વીના જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વ્રજેન ભરતભાઈ મારવી પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી ધર્મેશભાઈ બ્રિજેશભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પૂજારી કાનજી ભગત દુકાન ચાલુ કરી તે નિમિત્તે	ભાદરા
૨૦૧-૦૦	અદિતી નમન પટેલ નવી દુકાન લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી કરમણભાઈ સવજીભાઈ પટેલ ભત્રીજાના લગ્ન પ્રસંગે	પૂના
૨૦૧-૦૦	શ્રી કાળીદાસ શંકરદાસ પટેલ પૌત્ર મેશનના જન્મદિન નિમિત્તે	ડાંગરવા (ડાભી)
૨૦૦-૦૦	શ્રી હરિશભાઈ રાવ શ્રીજી પ્રસન્નાર્થે	શિકાગો
૧૦૧-૦૦	શ્રી ભરતભાઈ મફતલાલ પટેલ ચિ. ગૌરાંગના લગ્ન નિમિત્તે.	સાબરમતી (રાજપુરવાળા)

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

ચૈત્ર સુદ-૨ પ.ભ. અવનિબેન ભાવેશકુમાર ઠક્કર, વસ્ત્રાલ. **ચૈત્ર સુદ-૩** પ.ભ. વજાભાઈ ગાંગાભાઈ દેવરાણી, અમદાવાદ ● પ.ભ. મુક્તાબેન ઠાકોરભાઈ પરમાર. **ચૈત્ર સુદ-૪** પ.ભ. નારાયણભાઈ ગોપાલભાઈ રાબડીયા, વાડાસર. **ચૈત્ર સુદ-૫** પ.ભ. મહેન્દ્રભાઈ કે.પટેલ. **ચૈત્ર સુદ-૭** પ.ભ. સુભદ્રાબેન નારાયણદાસ મોદી, બાપુનગર ● અ.નિ.સ.ગુ. સ્વા. અક્ષરજીવનદાસજી ગુરુ બલરામદાસજી, ભાવનગર ● પ.ભ. રાજુભાઈ શંકરભાઈ દરજી. **ચૈત્ર સુદ-૮** અ.નિ. અસ્મિતાબેન અશ્વિનભાઈ. **ચૈત્ર સુદ-૧૦** પ.ભ. હંસાબેન. યુ.એસ.એ. ● પ.ભ. દુધીબેન અરજણભાઈ પટેલ ● પ.ભ. જ્યોતિબેન નરસીદાસ દરજી, વિજાપુર ● અ.નિ.પ.ભ. હરિવલ્લભ પ્રાણજીવન પારેખ. **ચૈત્ર સુદ-૧૨** પ.ભ. નગીનભાઈ રામદાસ, પારાયણ નિમિત્તે ● પ.ભ. માધવલાલ નારાયણદાસ, વિહારવાળા ● પ.ભ. બાબુલાલ હરિલાલ, બાપુનગર ● રનિયાળા મહિલા સત્સંગ મંડળ. **ચૈત્ર સુદ-૧૩** પ.ભ. વાડીલાલ રામદાસ પટેલ, પારાયણ નિમિત્તે ● પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી) ● પ.ભ. સતીષ કેરાજી વાલી. **ચૈત્ર સુદ-૧૪** પ.ભ. રસિકભાઈ ગજજર ● અ.નિ.પ.ભ. રમણીકલાલ ભાઈચંદભાઈ સોની ● પ.ભ. નટવરલાલ રામદાસ પારાયણ નિમિત્તે ● પ.ભ. પ્રવિણચંદ્ર કેશવલાલ ● પ.ભ. લાલભાઈ શિવલાલભાઈ સોજા અમદાવાદ ● પ.ભ. ડૉ. મીહિરભાઈ ભટ્ટ ● પ.ભ. દિલીપભાઈ પરષોત્તમભાઈ પટેલ. **ચૈત્ર સુદ-૧૫** પ.ભ. કિરિટકુમાર રામદાસ, પારાયણ નિમિત્તે

ચૈત્ર વદ-૧ પ.ભ. સૂર્યાબેન નગીનદાસ, પારાયણ નિમિત્તે. **ચૈત્ર વદ-૨** પ.ભ. કૈલાસબેન વાડીલાલ, પારાયણ નિમિત્તે. **ચૈત્ર વદ-૩** અ.નિ.પ.ભ. રામભાઈ ત્રિભોવનદાસ પરિવાર. **ચૈત્ર વદ-૫** પ.ભ. શકુન્તલાબેન હેમાભાઈ પટેલ ● પ.ભ. શારદાબેન હરીલાલ માધવલાલ, ઉંઝા ● પ.ભ. ધનજીભાઈ કાનજીભાઈ મીસ્ત્રી. **ચૈત્ર વદ-૭** પ.ભ. જીજ્ઞેશ રતીભાઈ પટેલ, હ. બ્ર. રાજુ સ્વામી. **ચૈત્ર વદ-૯** અ.નિ. પટેલ સવિતાબેન નરોત્તમભાઈ, ઉંઝા. **ચૈત્ર વદ-૧૩** પ.ભ. ધીરૂભાઈ રામજીભાઈ વાઘેલા ● પ.ભ. વાસુદેવભાઈ સોમચંદભાઈ મોદી.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃદ્ધ સંત પૂજ્ય સ.ગુ. સ્વામી નરહરિપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી અર્જુનપ્રસાદદાસજી (છેલ્લા ઘણા વરસથી જેતલપુર ગુરુકુળમાં ભગવદ્ ભજન કરતા હતા.) તા. ૮-૪-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેમના ઉપર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ખૂબજ રાજીપો હતો.

અમદાવાદ (નવો વાસ) : પ.ભ. રમેશભાઈ અને શ્રી નવિનભાઈ મારફતીયાના બહેન અ.સૌ. ચંદ્રિકાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ તા. ૧૧-૪-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમના પરિવારને દુઃખ સહન કરવાનું બળ પ્રેરે તેવી પ્રાર્થના.

વહેલાલ : શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. મહેન્દ્રભાઈ ગોરધનભાઈ પટેલ (ઉ. ૭૫ વર્ષ) તા. ૨૭-૩-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.







બામરોલી (મધ્યપ્રદેશ) આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી દર્શનાર્થે પધાર્યા તે પ્રસંગે કથા શ્ર
કરતા સ્થાનિક હરિભક્તો અને ઠાકોરજીના અન્નકૂટ દર્શન



કપડવંજ મંદિરની ખાતવિધિ કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



વિસનગરમાં શ્રી હરિના પ્રસાદીના મહાદેવજી અને હાથી
(મહારાજે પથ્થરના હાથીને લાડુ જમાડ્યા હતા) તે દિવ્ય
સ્થળે દર્શનાર્થે પધારેલ પ.પૂ. મહારાજશ્રી



નવા વાડજ મંદિરમાં પાટોત્
પ્રસંગે અન્નકૂટ દ



કાંકરિયા મંદિરમાં મારુતિ યજ્ઞની પૂર્ણાહુતિ કરતા પ.પૂ.
મોટા મહારાજશ્રી સાથે મહંત સ્વામી અને સંત-મંડળ



પ્રસાદીના ગામડી ગામે વિરેશ્વર મહાદેવ
મંદિરમાં આરતી ઉતારતા પ.પૂ.મોટા
મહારાજશ્રી સાથે લાભ લેતા પી.પી. સ્વામી



બદ્રીનાથ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર માં નૂતન
ઉતારાનો સૂચિત પ્લાન

Registered under RNI - No - applied Followed by words " Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08



બળદિયા (કચ્છ) આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા મેગા મેડિકલ કેમ્પ ખુલ્લો મુકતા ભુજના મહંત સ્વામી તથા લાભ લેતા સ્થાનિક હરિભક્તો.

Publish by Bhagwatiben Kantilal Kharsani